सत्यमेव जयते

**–//<u>ફોર્મ–એ</u>//–**

| | |
|---|---|
| **મહેસાણાના બીજા અધિક સેસન્સ જજ સાહેબશ્રીની અદાલત, મુ.મહેસાણા** | |
| | **ફેસલ તારીખઃ૧૧/૦૩/૨૦૨૬**<br>**સેશન્સ કેસ નંબર.૬૯/૨૦૨૪**<br>એફ.આઈ.આર.નં.<br>૧૧૨૦૬૦૭૯૨૪૦૦૯૫/૨૦૨૪<br>પોલીસ સ્ટેશનઃ લાડોલ<br>**આંક–૮૬** |
| **ફરીયાદી** | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| **ફરીયાદ પક્ષ તરફે** | વિ.સરકારી વકીલશ્રી પી. કે. દવે |
| **આરોપી** | (૧) કમલેશભાઇ કાંતીભાઇ હકલાભાઇ ગરાસિયા<br>ઉ.વ.૨૧,<br>રહે.ગણેશપુરા, તા.ગાંગરતલાઈ, જી.બાંસવાડા (રાજસ્થાન)<br>(૨) રાજુભાઇ બાબુભાઇ બારીયા<br>ઉ.વ.૨૫,<br>રહે.ફતેપુરા, જી.દાહોદ. |
| **આરોપીઓ તરફે** | આરોપી નં.૧ તર્ફે લીગલ એઇડ ડી.એલ. રાણા<br>આરોપી નં.૨ તર્ફે વિ.વ.શ્રી પી.આર. ઠાકોર |

**–//<u>ફોર્મ–બી</u>//–**

| | |
|---|---|
| બનાવની તારીખ | ૦૧/૦૪/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૨/૦૪/૨૦૨૪ |
| ચાર્જશીટ કર્યા તારીખ | ૧૪/૦૬/૨૦૨૪ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ (આંક–૦૬) | ૨૩/૦૮/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૩૦/૦૯/૨૦૨૪ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | ૧૯/૦૧/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ | આખરી હુકમ મુજબ |
| સમય ગાળો. | વર્ષ–૦૧, માસ –૦૮, દિવસ–૨૫ |

## –// **આરોપી નં.૧ ની વિગત** //–

| **ક્રમ** | **વિગત** | |
|---|---|---|
| ૧ | આરોપીનુ નામ/સરનામુ | કમલેશભાઇ કાંતીભાઇ હકલાભાઇ ગરાસિયા ઉ.વ.૨૧, રહે.ગણેશપુરા,તા.ગાંગરતલાઇ, જી.બાંસવાડા (રાજસ્થાન) |
| ૨ | અટક કર્યા તારીખ | ૦૨/૦૪/૨૦૨૪ |
| ૦૩ | જામીન ઉપર મુકત થયા તારીખ | જ્યુડીશીયલ કસ્ટડીમા છે. |
| ૦૪ | ગુનાની કલમ | ઇ.પી.કો.ની ક.૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબ |
| ૦૫ | છુટી ગયો કે સજા થઇ | તકસીરવાન ઠરાવવામા આવેલો છે. |
| ૦૬ | ફરમાવેલ સજા | આખરી હુકમ મુજબ |
| ૦૭ | ક્રી.પ્રો.કોડની ક.૪૨૮ | – |

## -// આરોપી નં.૨ ની વિગત //-

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | આરોપીનુ નામ/સરનામુ | રાજુભાઇ બાબુભાઇ બારીયા<br>ઉ.વ.૨૫,<br>રહે.ફતેપુરા, જી.દાહોદ |
| ૨ | અટક કર્યા તારીખ | ૦૨/૦૪/૨૦૨૪ |
| ૦૩ | જામીન ઉપર મુકત થયા તારીખ | ૨૪/૦૧/૨૦૨૫ |
| ૦૪ | ગુનાની કલમ | ઇ.પી.કો.ની ક.૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબ |
| ૦૫ | છુટી ગયો કે સજા થઇ | તકસીરવાન ઠરાવવામા આવેલો છે. |
| ૦૬ | ફરમાવેલ સજા | આખરી હુકમ મુજબ |
| ૦૭ | ક્રી.પ્રો.કોડની ક.૪૨૮ | - |

## -//ફોર્મ-સી//-

**એ. ફરીયાદ પક્ષ તરફેના સાહેદનુ લીસ્ટઃ-**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | ૧૧ | ભાભોર લાલસીંગભાઇ તેરસીંગભાઇની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૦૨ | ૧૩ | રાઠોડ દિનેશકુમાર હિંમતસિંહની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૦૩ | ૧૭ | પટેલ સુરેશભાઇ શંકરભાઇની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૦૪ | ૨૦ | ભાભોર સુભાષભાઇ રાકેશભાઇની સોગંદ ઉપરની જુબાની | ફરીયાદી |
| ૦૫ | ૨૨ | પારઘી મુકેશભાઇ રંગજીભાઇની સોગંદ | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| | | ઉપરની જુબાની | |
| ૦૬ | ૨૭ | ડો.મનન મનોજકુમાર આસોડીયાની સોગંદ ઉપરની જુબાની | ડોકટર |
| ૦૭ | ૩૦ | આમણીયાર ગુણવંતભાઇ કલસીંગભાઇની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૦૮ | ૩૧ | ચિરાગકુમાર દશરથલાલ પટેલની સોગંદ ઉપરની જુબાની | એફ.એસ.એલ અધીકારી |
| ૦૯ | ૩૪ | પટેલ ભરતભાઇ બેચરભાઈની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૧૦ | ૩૬ | સોલંકી ચેતનકુમાર દિલીપભાઇની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૧૧ | ૩૯ | રમેશભાઇ રવાભાઇ વાઘરીની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૧૨ | ૪૦ | રાહુલભાઇ પશાભાઇ પટેલની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૧૩ | ૪૬ | રાહુલભાઇ રાજુભાઇ પટેલની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૧૪ | ૪૭ | અલ્પેશભાઇ બળદેવભાઇ પટેલની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૧૫ | ૫૩ | રજનીકાંત શંભુભાઇ પટેલની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૧૬ | ૫૪ | કુમુદસિંહ રાજેન્દ્રસિંહ ઝાલાની સોગંદ ઉપરની જુબાની | એ.એસ.આઇ. |
| ૧૭ | ૫૮ | કિર્તીકુમાર અળખાજી અસારીની સોગંદ ઉપરની જુબાની | એ.એસ.આઇ. |
| ૧૮ | ૬૨ | ગજેન્દ્રસિંહ અજીતસિંહ સોલંકીની સોગંદ ઉપરની જુબાની | પી.આઇ. |

**બી. બચાવ પક્ષ તરફેના સાહેદનુ લીસ્ટઃ–**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | – N I L – | |

## એ. ફરીયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટઃ–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૨. | ૧૪ | ગુના બનાવવાળી જગ્યાએથી કન્ટ્રોલ સેમ્પલ માટી કબજે કર્યાનું પંચનામુ |
| ૩. | ૧૫ | પંચસ્લીપ |
| ૪. | ૧૬ | પંચસ્લીપ |
| ૫. | ૨૧ | અસલ ફરીયાદ |
| ૬. | ૨૮ | પી.એમ. નોટ |
| ૭. | ૨૯ | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ |
| ૮. | ૩૨ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૯. | ૩૩ | સ્થળ પરીક્ષણ કરવા સારૂ વોટસએપ મારફત મોકલેલ યાદી |
| ૧૦. | ૩૭ | મારક હથીયાર ધોકો કબજે કર્યાનું પંચનામુ |
| ૧૧. | ૩૮ | પંચસ્લીપ |
| ૧૨. | ૪૧ | આરોપીના શરીર સ્થિતિ અને બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૧૩. | ૪૨ | પંચસ્લીપ |
| ૧૪. | ૪૩ | પંચસ્લીપ |
| ૧૫. | ૪૪ | પંચસ્લીપ |
| ૧૬. | ૪૫ | પંચસ્લીપ |
| ૧૭. | ૪૮ | મરણજનારના બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૧૮. | ૪૯ | પંચસ્લીપ |
| ૧૯. | ૫૦ | પંચસ્લીપ |
| ૨૦. | ૫૧ | પંચસ્લીપ |

| | | |
|---|---|---|
| ૨૧. | ૫૨ | પંચસ્લીપ |
| ૨૨. | ૫૫ | સ્ટેશન ડાયરીની ઓન લાઇન એન્ટ્રીની ખરી નકલ |
| ૨૩. | ૫૬ | દવાખાના વર્ધી નં.૨૮/૨૦૨૪ ના કામે કાર્યવાહી કરવા સારૂ એ.એસ.આઇ. કીર્તીભાઇને કરેલ રીપોર્ટ |
| ૨૪. | ૫૭ | ડેપ્યુટ હુકમ |
| ૨૫. | ૬૩ | ગુનો રજીસ્ટર કરવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૨૬. | ૬૪ | એકઝીકયુટીવ મેજી.ને લાશનું ઇન્કવેસ્ટ ભરવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૨૭. | ૬૫ | લાશની સાથે સીવીલ સર્જન સાથે મોકલવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૨૮. | ૬૬ | લાશની પી.એમ. નોટ આપવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૨૯. | ૬૭ | આરોપીના બ્લડ સેમ્પલ લેવા સારૂ રીપોર્ટ |
| ૩૦. | ૬૮ | પટેલ ભરતભાઇ બેચરદાસના ખાતાના ઉતારાની નકલ |
| ૩૧. | ૬૯ | તાલુકા વિકાસ અધિકારી વિજાપુરને ગુનાવાળી જગ્યાએ નકશો બનાવવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૩૨. | ૭૦ | ગુનાવાળી જગ્યાનો નકશો મોકલી આપેલ તેનો ફોરવર્ડીંગ લેટર |
| ૩૩. | ૭૧ | ગુનાવાળી જગ્યાનો નકશો |
| ૩૪. | ૭૨ | આરોપીઓની અટક કર્યા અંગેનો રીપોર્ટ |
| ૩૫. | ૭૩ | જીલ્લા મેજી. સા.શ્રીનું હથીયારબંધીના જાહેરનામાની નકલ |
| ૩૬. | ૭૪ | મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલવા સારૂ ભરેલ રવાનગી પત્રક |
| ૩૭. | ૭૫ | મુદ્દામાલ મળ્યાની એફ.એસ.એલ.ની પહોંચ |
| ૩૮. | ૭૬ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર |
| ૩૯. | ૭૭ | એફ.એસ.એલ.નો પૃથ્થકરણનો અહેવાલ |
| ૪૦. | ૭૮ | કલોઝીંગ પુરશીસ. |

**બી.** **<u>બચાવ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટઃ–</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| | | **– N I L –** |

**વિષયઃ–** ઈ.પી.કો.ની ક.૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબ.

---

**–/ જજમેન્ટ /–**

(૧) ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી મુળ મારગળા લીમઘાટી ફળિયુ, તા.ફતેપુરા, જી.દાહોદ, હાલ રહે. હસનાપુર , ભરતભાઈ બેચરભાઈ પટેલના કુવા ઉપર, તા.વિજાપુર, જી.મહેસાણા નાઓ ઉપર બતાવેલા ઠેકાણે મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે અને તેઓને ચાર બહેનો અને એક ભાઈ છે. જેમા ફરીયાદીથી મોટી કિંજલ, તેનાથી નાનો ફરીયાદી તથા ફરીયાદીથી નાની લલીતા તથા તેનાથી નાની નીશા અને સૌથી નાની અર્પિતા છે. જે પૈકી કિંજલ તથા ફરીયાદીના લગ્ન થયેલા છે અને ફરીયાદીની માતા લલીબેન ઉ.વ.૪૫ ના હતા. તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ લાડોલ પોલીસ સ્ટેશન દવાખાના વર્ધી નં.૨૮/૨૦૨૪ તા.૦૧/૦૪/૨૦૨૪ ના કામે ડો. મનન આસોડીયા વિજાપુર સીવીલ હોસ્પિટલ નાઓએ લખાવેલી વર્ધીના કામે ફરીયાદીએ ફરીયાદ હકીકત લખાવેલ કે ૨૫ દિવસ પહેલા ફરીયાદી તથા તેની માતા લલીબેન તથા ફરીયાદીની પત્ની અરૂણાબેન તથા મામાનો દિકરો સતીષભાઈ તથા મામા મુકેશભાઈ રંગજીભાઈ પારઘી રહે.સાગલાપાડા, તા.ફતેપુરા તથા રાજુભાઈ બાબુભાઈ બારીયા રહે.સાગલાપાડા, તા.ફતેપુરા એમ બીજા કુલ ૧૪ જેટલા માણસો સાથે હસનાપુર, તા.વિજાપુર ખાતે પટેલ ભરતભાઈ બેચરભાઈ નાઓના કુવા ઉપર ઘઉની સીઝન ચાલતી હોઈ ઘઉની કાપણી કરવા સારૂ આવેલા અને બધા કુવા ઉપર જ રહેતા હતા અને આ ભરતભાઈના કુવા ઉપર

ફરીયાદી અને આ બધા માણસો સિવાય તેમના ભાગીયા તરીકે કમલેશભાઈ કાન્તિભાઈ હકલાભાઈ ગરાસીયા રહે.ગણેશપુરા, તા.ગાંગરતલાઈ, જી.બાંસવાડા (રાજસ્થાન) વાળા પણ રહેતા હતા. તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ રાત્રીના આશરે નવેક વાગ્યાના અરસામાં ફરીયાદી તથા તેની સાથેના મજુરો જમી પરવારી ભરતભાઈ પટેલના કુવા ઉપર હાજર હતા તે વખતે ફરીયાદી સાથેના રાજુભાઈ બાબુભાઈ બારીયા રહે.સાગડાપાડા, તા.ફતેપુરા, જી.દાહોદ વાળા તથા તેની સાથે કમલેશભાઈ કાન્તિભાઈ હકલાભાઈ ગરાસિયા નાઓ રહે. ગણેશપુરા, તા. ગાંગરતલાઈ, જી.બાંસવાડા (રાજસ્થાન) વાળા બંને આવેલા અને આ રાજુભાઈ નાઓ કહેતા હતા કે મારા હિસાબના મજુરીના પૈસા મને આપી દો તેમ કહી ગાળો બોલવા લાગેલા જેથી તેઓને ગાળો બોલવાની ના પાડતા તેની સાથેના કમલેશભાઈ નાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ રાજુભાઈનું ઉપરાણું લઈને ગાળો બોલવા લાગેલા અને કહેલ કે મારા મિત્ર રાજુને મજુરીના પૈસા આપી દો નહિ તો તમોને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતા હતા. જેથી ફરીયાદીની માતા અને ફરીયાદી સાથેના મુકેશભાઈએ તેઓને ગાળો બોલવાની ના પાડતા આ કમલેશે નજીકમાં પડેલ લાકડું લઈ ફરીયાદીની માતા લલીબેનના માથાના ભાગે કમલેશભાઈએ મારતા ફરીયાદીની માતા લલીબેન નીચે ઢળી પડેલ તથા મુકેશભાઈનાઓ આ ફરીયાદીની માતા પાસે જતા આ કમલેશે મુકેશભાઈ નાઓને પણ બરડાના ભાગે લાકડું મારેલુ, જેથી મુકેશભાઈએ બુમા બુમ કરતા બીજા મજુરો પણ ભેગા થઈ જતા આ બંનેવ જણા ભાગી ગયેલા અને કોઈકે ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ વાન આવેલી. ફરીયાદીની માતા લલીબેનની ડોકટરે તપાસ કરીને તે મરણ ગયેલાનું જાહેર કરેલ અને આ બનાવ કુવા ઉપર લાઈટના અજવાળે બનેલ તે રીતની વિગત જાહેર કરી વિગતવારની ફરીયાદ લાડોલ પોલીસ સ્ટેશનમાં આપેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ આધારે લાડોલ પોલીસે લાડોલ પોલીસ

સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૬૦૭૯૨૪૦૦૯૫/૨૦૨૪ થી ઇ.પી.કો. ની ક.૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબનો ગુનો દાખલ કરેલ. ત્યારબાદ પોલીસની તપાસમાં આરોપીઓ મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલ અને નિયત સમયમર્યાદામાં આરોપીઓને કોર્ટમાં રજુ કરતા જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલા. ત્યારબાદ પોલીસની તપાસ પુરી થતા પોલીસે ક્રિ.પ્રો.કોડની ક.૧૭૩ મુજબ આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો.ની ક.૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબના ગુનાનું ચાર્જશીટ તા.૧૪/૦૬/૨૦૨૪ ના રોજ અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિજાપુર નાઓની કોર્ટમાં તા.૧૪/૦૬/૨૦૨૪ ના રોજ રજુ કરતા તેને ફોજદારી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૭૮૬/૨૦૨૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૩) આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓને જેલમાંથી હાજર રખાવવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ અને આરોપીઓ સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા સેસન્સ કોર્ટને હોય ફોજદારી કેસ નં.૭૮૬/૨૦૨૪ ના કામે ક્રિ.પ્રો.કોડની ક.૨૦૯ મુજબ સેસન્સ કમીટ કરતો હુકમ અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિજાપુર નાઓએ કરેલ અને તે આધારે સદરહુ કેસનું અસલ રેકર્ડ તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ સેસન્સ કોર્ટમાં આવતા, સેસન્સ કોર્ટમાં સદરહું કેસને સેસન્સ કેસ રજીસ્ટરે સેસન્સ કેસ નં.૬૯/૨૦૨૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૪) આ કામે બંનેવ આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોય આરોપીઓને જેલમાંથી હાજર રખાવવામાં આવેલા. ત્યારબાદ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે કે કેમ? તેની ખાત્રી કર્યા બાદ આંક–૦૬ થી આરોપીઓ વિરૂધ્ધ

ઈ.પી.કો.ની ક.૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની ક.૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓએ પોતે ગુનાનો ઈન્કાર કરેલો છે. જેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કામે કેસની ચાલુ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયા નાઓની નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રો.પ.અ. નં.૨૫૬૯૮/૨૦૨૪ થી જામીન અરજ મંજુર કરતા આરોપી નં.૨ નાઓને નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ રેગ્યુલર જામીન ઉપર ટ્રાયલ દરમ્યાન જામીન મુકત કરવામાં આવેલા છે.

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસની હકીકત સાબીત કરવા માટે ઉપર ટેબલમાં જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

આ સિવાય બીજો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ તરફથી આ ફરીયાદના કામે રજુ કરવામાં આવેલ નથી.

(૭) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષના પુરાવામાં જે વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલી તેનો ખુલાસો કરવા માટે આરોપી નં.૧ કમલેશભાઈ કાંતીભાઈ હકલાભાઈ ગરાસિયા નાઓનું ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ મુજબનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપી નં.૧ નાઓએ પોતાના વિરૂધ્ધની કેટલીક હકીકતોનો ઈન્કાર કરેલો છે અને કેટલીક વિગતોની ખબર નથી તેવુ જણાવેલ છે તેમજ બનાવ અંગે તેઓ કાંઈ જાણતા નથી અને પોતે નિર્દોષ છે તેમજ તેઓ ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે તે રીતની વિગત રજુ કરેલ છે.

આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયા નાઓનું ક્રિ.પ્રો.કોડ ની ક.૩૧૩ મુજબનું વધારાનું નિવેદન નોંધતા તેઓએ પોતાના

વિરૂધ્ધની હકીકતોનો ઈન્કાર કરેલો છે અને કેટલીક વિગતોની ખબર નથી તેવુ જણાવેલ છે તેમજ પોતે નિર્દોષ છે અને ખોટો કેસ કરવામાં આવેલ છે અને બનાવ અંગે તેઓ કાંઇ જાણતા નથી તેમજ આ બનાવ આરોપી નં.૨ ના કારણે બનેલો નથી પરંતુ આરોપી નં.૨ નાઓને પૈસા આપવા ના પડે તેથી આરોપી તરીકે ખોટી રીતે સંડોવી દીધેલા છે તે રીતની વિગતો રજુ કરેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.સરકારી વ.શ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં ફરીયાદપક્ષ તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તે પુરાવામાં આરોપી નં.૧ અને આરોપી નં.૨ નાઓ બનાવ સમયે સ્થળ ઉપર હાજર હતા અને આરોપી નં.૧ નાઓએ લાકડું મરણજનાર ને માથાના ભાગે મારેલ અને તે સમયે ગાળાગાળી કરેલ અને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવેલ હતી અને તે રીતે આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓએ એકબીજાના મેળાપીપણામાં મરણજનારને લાકડાથી મારી ઈજા કરી મોત નિપજાવી ખૂંન કરેલુ છે અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ છે અને બિભત્સ ગાળો આપેલ છે તે રીતની તમામ વિગતો મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી શંકારહિત સાબીત કરેલ છે તેમજ પોતાની મૌખિક દલીલના સમર્થનમાં મુળ ફરીયાદી તર્ફે વિ. સરકારી વકીલશ્રી દ્વારા આંક-૮૧ થી લેખીત દલીલો પણ રજુ કરવામાં આવેલ છે તેને ધ્યાને લીધી અને આ મૌખિક તેમજ લેખીત દલીલોના આધારે ફરીયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ આંક-૦૬ થી ફરમાવવામાં આવેલ તહોમતનામુ શંકારહિત સાબીત કરવામાં આવેલ છે તે રીતની દલીલ કરી આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓને તકસીરવાન ઠરાવી સખતમાં સખત સજા કરવા દલીલ કરેલ છે.

(૯) આ કામે આરોપી નં.૧ તર્ફે વિ.વ.શ્રીની લંબાણપુર્વકની

મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં આરોપી સામે જે તહોમતનામુ આંક–૦૬ થી ફરમાવવામાં આવેલ છે તે તહોમતનામાની વિગત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી સાબીત કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે છે. આ કિસ્સામાં ફરીયાદપક્ષના કેસ મુજબ પૈસાની ઉઘરાણીની મુખ્ય બાબત હતી અને તે પૈસાની ઉઘરાણી દરમ્યાન બોલાચાલી થતા બનાવ બનેલો છે તેવી ફરીયાદપક્ષના પુરાવામાં રજુઆત છે પરંતુ આ લેવડ દેવડ હાલના આરોપી સાથે ન હતી અને હાલના આરોપી નં.૧ નાઓને મરણજનાર પાસે કે બીજી કોઈ વ્યકિત પાસે કોઈ રકમ લેવાની થતી ન હતી તેવુ પુરાવામાં રેકર્ડ ઉપર સ્પષ્ટ છે. આ કેસમાં હાલના આરોપીએ કોઈ વ્યકિતને ઈજા કરેલ નથી. આ બનાવમાં આરોપી નં.૧ કમલેશભાઈ નાઓ ત્રાહિત ઈસમ છે અને તેઓનું નામ ખોટી રીતે આ ગુનામાં લેવામાં આવેલ છે. હાલના આરોપી રાજસ્થાનની વતની છે અને તેઓ અલગ જગ્યાએ રહેતા હતા, જયારે આરોપી નં.૨ અને ફરીયાદી તથા મરણજનાર નાઓ બીજા સ્થળે રહેતા હતા. જેથી હાલના આરોપી નં.૧ નાઓનું રહેઠાણ પણ ગુના બનાવવાળી જગ્યાએથી દુર અલગ જગ્યાએ આવેલ છે. આ સિવાય ફરીયાદપક્ષના કેસમાં ઈન્ટરેસ્ટેડ વીટનેશ એટલે કે હિત ધરાવતા સાક્ષી છે. જેથી તેઓની જુબાની માની શકાય નહિ અને તે સિવાયના બીજા સાક્ષી કુટુંબના વ્યકિતઓ છે અને જેથી તેઓ પણ હિત ધરાવતા સાક્ષીઓ છે. આ કિસ્સામાં જે મજુરીનું કામ કરવામાં આવેલ હતુ તે મજુરીના નાણા મજુરોને ચુકવવાના હતા. જેથી મજુરીના નાણા મજુરોને ચુકવવા ન પડે તે વિગત ધ્યાને રાખીને ખોટી રીતે ખોટુ નામ લેવામાં આવેલ છે. આ કેસમાં ફરીયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલા નથી તેમજ આ કેસના બનાવના સંજોગો ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ છે તે મુજબ બનાવ વાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદોની વિગત રેકર્ડ ઉપર આવી શકે તેમ છે. પુરાવામાં બનાવ રાત્રીના નવેક વાગ્યાના અરસામાં બનેલો છે અને બનાવનું સ્થળ ખોટુ છે અને બોર ત્યાંથી દુર

આવેલો છે તેમજ આ જગ્યાએ કોઇ લાઇટ આવેલ નથી તેમજ પુરાવામાં ટયુબવેલ ગુના બનાવવાળી જગ્યાએ આવેલ નથી તેવુ પણ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. વધુમાં ગુના બનાવવાળી જગ્યાના પંચનામામાં ચુલા હોય અથવા ચુલા ચાલુ હોય અને લાકડા પડેલ હોય તે રીતની કોઇ વિગત આવેલ નથી. આ સિવાય ત.ક.અ. એ જે તપાસ કરેલ છે તે તપાસમાં પણ ગુના બનાવવાળી જગ્યાએ અજવાળુ થતુ હોય તેવો કોઇ પુરાવો તેઓએ એકત્રીત કરેલ નથી તેમજ અજવાળા વાળી જગ્યાએ બનાવ બનેલ હોય તેવી કોઇ વિગત પુરાવામાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આમ, ગુના બનાવવાળી જગ્યાએ અજવાળુ હતુ તેવી બાબત ફરીયાદપક્ષ દ્વારા સાબીત કરવામાં આવેલ નથી. જેથી રાત્રીના અંધારામાં બનાવ બનેલ છે તેવુ બચાવપક્ષ દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. જેથી ઓળખનો મુદ્દો શંકાના વર્તુળમાં આવી જાય છે. વધુમાં આ કેસમાં જે હથીયાર કે જે લાકડાનો ધોકો છે તેને એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ નથી. જેથી ખરેખર આ લાકડાથી જ ઈજા કરવામાં આવેલ છે તેવુ પણ ફરીયાદપક્ષ દ્વારા સાબીત કરવામાં આવેલ નથી. આ સિવાય જે પંચનામુ કરવામાં આવેલ છે તેમા લાકડું એક બાજુથી પડેલુ હતુ તે રીતની વિગત જણાવેલ નથી તેમજ લાકડાનું વર્ણન પણ જણાવેલ નથી. વધુમાં ૧૫ દિવસમાં આરોપી નં.૨ નાઓને આરોપી નં.૧ સાથે ગાઢ મિત્રતા થઇ ગયેલ હોય અને આરોપી નં.૧ નાઓ આરોપી નં.૨ નાઓનું ઉપરાણું લે તે રીતની બાબત પણ વ્યવહારના સામાન્ય ક્રમમાં બની શકે નહિ. આવા સંજોગોમાં બનાવ સમયે ઝઘડો આરોપી નં.૨ અને અન્ય વ્યકિત સાથે ચાલુ હતો અને આ ઝઘડામાં હાલના આરોપી છોડાવવા માટે ગયેલ હતા અને બનાવ અચાનક બનેલો છે. જેથી ખૂન કરવાનો કોઇ ઈરાદો હોવાની હકીકત સાબીત થતી નથી. જેથી ઇ.પી.કો.ની ક.૩૦૨ મુજબનો ગુનો પણ બનતો નથી.

આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવામાં પરસ્પર ઘણો બધો મહત્વનો વિરોધાભાષ રેકર્ડ ઉપર આવેલો છે અને

તેના કારણે ફરીયાદ પક્ષ પોતાનો કેસ આરોપી નં.૧ વિરૂધ્ધ શંકારહિત સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલા છે. જેથી આરોપી નં.૧ નાઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તે રીતની દલીલ કરી આરોપી નં.૧ નાઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

(૧૦) આ કામે આરોપી નં.૨ તર્ફે વિ.વ.શ્રી દ્ધારા આંક–૮૫ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જેની વિગત ધ્યાને લીધી. તેમજ તેની સાથે રજુ કરવામા આવેલા ચુકાદાની વિગત પણ ધ્યાને લીધી.

(૧૧) આ કામે હાલના કેસના નિર્ણય માટે કેસનું તમામ રેકર્ડ ગંભીરતાથી વંચાણે લીધુ.

(૧૨) ઉપરોકત હકીકતે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા :–**

૧. શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, છે કે, બનાવ સમયે અને બનાવના સ્થળે આરોપી નં.૧ કમલેશભાઇ કાંતીભાઇ હકલાભાઇ ગરાસિયા તથા આરોપી નં.૨ રાજુભાઇ બાબુભાઇ બારીયા નાઓ ગુના બનાવવાળી જગ્યાએ હાજર રહી પૈસાની ઉઘરાણી બાબતે એકબીજાના મેળાપીપણામાં તકરાર કરી, બંનેવ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગાળા ગાળી કરી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી, આરોપી નં.૧ કમલેશભાઇ કાંતીભાઇ હકલાભાઇ ગરાસિયા નાઓએ મરણજનારને લાકડાનો ધોકો માથાના ભાગે પાછળ મારી, ગંભીર ઇજાઓ પહોંચાડી અને તે કૃત્ય કરવામાં આરોપી નં.૨ રાજુભાઇ બાબુભાઇ બારીયા નાઓએ મદદગારી કરી અને તેમ કરી આરોપી

નં.૧ નાઓએ મરણજનારનું મોત નિપજાવી, ખૂન કરી અને આરોપી નં.૨ નાઓએ તેમા સીધી સક્રિય મદદગારી કરી બંનેવ આરોપીઓએ ગુનો કરેલો છે?

૨. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, બનાવ સમયે આરોપી નં.૧ નાઓએ જાહેરમાં હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં લાકડાનો ધોકો રાખી તથા આરોપી નં.૨ નાઓએ સીધી સક્રિય મદદગારી કરી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલો છે?

૩. શું હુકમ?

(૧૩) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નં.૧ઃ હકારમા

૨. મુદ્દા નં.૨ઃ હકારમા

૩. મુદ્દા નં.૩ઃ આખરી હુકમ મુજબ

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**-//કારણો//-**

**<u>મુદ્દા નં.૧,૨ઃ-</u>**

(૧૪) આ કામે આરોપી નં.૧ નાઓ જયુડીશીયલ કસ્ટડીમાં છે અને તેઓને લીગલ એઇડ આપવામાં આવેલ છે અને આરોપી નં.૧ કમલેશભાઇ કાંતીભાઇ હકલાભાઇ ગરાસિયા નાઓને બચાવ માટે લીગલ ડીફેન્સ કાઉન્સીલ પુરા પાડવામાં આવેલા છે. આમ, હાલના આરોપી નં.૧ નાઓ પોતાનો કાયદેસરનો બચાવ કરી શકે તે માટે વકીલની મદદ પુરી પાડવામાં આવેલ છે.

(૧૫) આ કામે ફરીયાદપક્ષ તરફથી પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષના પુરાવામાં જે વિગતો આરોપીઓ વિરૂધ્ધ રેકર્ડ ઉપર આવેલ છે તેનો ખુલાસો કરવા માટે ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ મુજબ

આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓનું નિવેદન નોંધવામાં આવેલ અને તેમા બંનેવ આરોપીઓ પોતાના વિરૂધ્ધની તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

વધુમાં આ બંનેવ આરોપીઓએ પોતાના બચાવના સાક્ષી તપાસવા માટે પણ ઈન્કાર કરેલ છે.

આમ, **આ ટ્રાયલના કામે આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓએ પોતાનો બચાવ કરવા માટે કે ખુલાસો કરવા સારૂ સોગંદ ઉપર જુબાની આપીને બનાવના કોઈ સંજોગોનો ખુલાસો કરેલો નથી તેમ માનું છું.**

વધુમાં, **આ કામે આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓએ બનાવના સંજોગોનો ખુલાસો કરવા માટે અથવા બનાવ અચાનક બનેલો છે તે સંદર્ભે મહત્વની વિગતો રેકર્ડ ઉપર લાવવા સંદર્ભે પણ આરોપી નં.૧ તથા આરોપી નં.૨ ના બચાવ મુજબ સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવાની રજુઆત કરવામાં આવેલ છે. તે સંજોગોમાં આ આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓએ પોતાના બચાવની વિગતને સમર્થન મળે તે માટે કોઈ બચાવના સાક્ષી તપાસેલા નથી** .

**આ કામે આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓને અત્રેની અદાલત દ્વારા બચાવના સાક્ષી તપાસવા માટે અટકાવેલા નથી**.

(૧૬) આ કામે પંચ ભાભોર લાલસીંગભાઈ તેરસીંગભાઈ નાઓને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૧૨ થી ઈન્કવેસ્ટ પંચનામુ રજુ થયેલ છે. સદરહું પંચની સરતપાસ તેમજ ઉલટતપાસની હકીકતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ પોલીસે વિજાપુર પોલીસ સ્ટેશનમાં પી.એમ. રૂમ આગળ બોલાવેલ અને તે સમયે ત્યાં બીજા પંચ ડામોર હવસીંગભાઈ તથા રમીલાબેન તે રીતના પંચ તરીકે હાજર હતા અને પોલીસ બધાને પી.એમ. રૂમમાં લઈ ગયેલ અને ત્યાં એક સ્ત્રીની લાશ સફેદ કપડું ઓઢાળેલ હતી તે કપડુ ખોલીને

જોતાં લાશ લલીબેન રાકેશભાઈ ભાભોરની હતી. આમ, આ પંચે મરણજનાર લલીબેન રાકેશભાઈ ભાભોરની લાશ જોયેલ છે તેવુ તેઓ જણાવે છે અને આ પંચની ઉલટતપાસ આરોપી નં.૧ તથા આરોપી નં.૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે અને તેમા પણ આ પંચે મરણજનારની લાશ જોયેલી છે તે વાત ઉપર તેઓ અડગ રહેલા છે.

વધુમાં સદરહું પંચે પોતાની જુબાનીમાં મરણજનાર લલીબેન રાકેશભાઈ ભાભોર નાઓની લાશ જે તે સમયે જોએલી હતી અને આ લાશ ઉપર કોઈ ઈજા થયેલ હતી કે કેમ તે બાબતે મહત્વની એવી હકીકત જાહેર કરેલ છે કે,

> "**સદર લાશને ડાબી સાઈડે માથાના ભાગે કાનથી ઉપરના ભાગે એક દોઢ ઈંચની ઘા હતો** અને નાકમાંથી લોહી આવતું હતુ અને કપાળ ઉપર લોહી હતુ. સદર લાશની જમણી આંખ અર્ધ ખુલ્લી હતી અને ડાબી આંખ આંખ હતી અને આંખના ઉપરના ભાગે કાળુ જાંમુ પડેલ હતુ. મોઢામાંથી પરૂ નીકળતુ હતું અને મોઢામાંથી દાંત દેખાતા હતા અને મોઢુ બંધ જેવું હતુ."

આમ, મરણજનારની જે લાશ જોયેલી તે લાશના માથાની ડાબી બાજુ કાનથી ઉપરના ભાગે એક થી દોઢ ઇંચનો ઘા જોયેલો હતો. આમ, મરણજનારની લાશના માથાની ડાબી બાજુ ઘા હોવાની વિગત જોયેલી છે અને આંક–૧૨ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ ધ્યાને લેવામાં આવે તો તે પંચનામામાં પણ તે જ જગ્યાએ મરણજનારની લાશ ઉપર ઘા/ઈજા છે. વધુમાં મરણજનારની લાશ ઉપર જે કપડા હતા તે કપડા આજરોજ અત્રેની કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા છે અને તે કપડામાં એક ટોપ, ચણીયો અને દુપટ્ટો નીકળેલા હતા. આ હકીકતની સાથે આંક–૧૨ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ ધ્યાને લેવામાં આવે તો લાશ ઉપર તે રીતના જ કપડા હતા. વધુમાં, પંચ દ્વારા ઈન્કવેસ્ટ પંચનામા સમયે જે બે બીજા પંચો હોવાની વિગત જણાવેલ છે તે જ પંચો આંક–૧૨ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં પંચો આવેલા છે. આવા સંજોગોમાં લાલસીંગભાઈ તેરસીંગભાઈ ભાભોર કે જેઓએ ઈન્કવેસ્ટ પંચ તરીકે રહીને ઈન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી કરેલી છે તેને હાલના

આરોપીઓ વિરૂધ્ધ ખોટુ બોલવા માટેનું કારણ હોય તેવુ જણાતુ નથી. આવા સંજોગોમાં આ પંચની સોગંદ ઉપરની જુબાનીની વિગતને ધ્યાને લેતાં આંક–૧૨ વાળુ પંચનામુ તેની વિગતે સાબીત થાય છે તેમ માનું છું.

(૧૭) આ કામે ગુના બનાવવાળી જગ્યાના પંચ રાઠોડ દિનેશભાઇ હિંમતસિંહ નાઓને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૧૪ થી ગુનાબનાવવાળી જગ્યાનું પંચનામુ તેમજ આંક–૧૫ અને આંક–૧૬ થી પંચસ્લીપ રજુ થયેલ છે. સદરહું ગુના બનાવવાળી જગ્યાના બીજા પંચ પટેલ સુરેશભાઇ શંકરભાઇ નાઓને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું બંનેવ પંચોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સ.વ.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તે રીતના પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં આંક–૧૪ વાળા ગુના બનાવવાળી જગ્યાના પંચનામાની વિગતને સમર્થન મળે તે રીતની વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.

આવા સંજોગોમાં સદરહું બંનેવ પંચોની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ પંચાનામા માત્ર પોતાની સહિ હોવાની વિગતને સમર્થન આપે છે તે સિવાય અન્ય કોઇ વિગતને તેઓ સીધુ કે સાંયોગિક સમર્થન આપતા નથી તેમજ તેઓને કોઇ વ્યકિત કોઇ જગ્યા બતાવેલી હોય અને તે જગ્યા આ પંચોએ જોયેલી હોય અને ત્યાંથી કોઇ ચીજ વસ્તુ કબજે કરવામાં આવેલી હોય તે રીતની વિગતને પણ તેઓ સીધુ કે સાંયોગિક સમર્થન આપતા નથી તેથી આંક–૧૪ વાળુ ગુના બનાવવાળી જગ્યાનું પંચનામુ તેની વિગતે સાબીત થતુ નથી તેમ માનું છું.

(૧૮) આ કામે ફરીયાદી ભાભોર સુભાષભાઇ રાકેશભાઇ નાઓને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની

જુબાનીમાં આંક–૨૧ થી અસલ ફરીયાદ રજુ થયેલ છે. સદરહું ફરીયાદીની સરતપાસની વિગતો ધ્યાને લેવામાં આવે તો સદરહું ફરીયાદીએ પોતાની સરતપાસમાં પોતાના પરીવારના સભ્યો સંદર્ભે એવુ જણાવેલ છે કે,

> "હું મારગળા ગામે લીમધારી ફળીયામાં મારા માતા–પિતા સાથે બનાવ સમયે રહેતો હતો અને હાલ પણ હું ત્યાંજ રહુ છુ. મારે ચાર બહેનો તથા એક ભાઈ છે. જેમાં મારાથી મોટી કિંજલબેન છે.તેનાથી નાનો હું છુ. મારાથી નાની લલીતાબેન છે તેનાથી નાની નિષા છે અને સૌથી નાની અર્પીતા છે. મારી મોટી બહેન કિંજલ તથા મારા લગ્ન થયેલ છે. **બનાવ સમયે મારી માતા લલીબેન ૪૫ વર્ષ ઉંમરના હતા**."

વધુમાં, સદરહું ફરીયાદીએ બનાવ સંદર્ભે બનાવ જે રીતે જે સંજોગોમાં બનેલો છે તે બાબતે મહત્વની એવી હકીકત જાહેર કરેલ છે કે,

> **"બનાવ તા.૧/૪/૨૦૨૪ના રોજ બનેલો અને અમો તે સમયે હસનાપુર તા.વિજાપુર મુકામે ઘંઉ વાઢવાની સીઝન ચાલતી હોય પટેલ ભરતભાઈ બેચરભાઈના ત્યાં કુલ–૧૪ માણસો અમો દાહોદથી આવેલા. તે ૧૪ માણસોમાં હુ, મારી પત્ની, મારી મમ્મી, મારા મામા મુકેશભાઈ, મારી મામી, તેમની દિકરી, તથા તેમની ભાણેજ, મારા બીજા મામા સતિષભાઈ તથા તેમની દિકરો અને તેમનો ભાઈ મહેશ અને મહેશની પત્ની આવેલી અને અમારી સાથે રાજુભાઈ બાબુભાઈ તથા તેમની પત્ની અને તેમનો પુત્ર આવેલો અને રાજુભાઈનો સાળાનો દિકરો પણ અમારી સાથે આવેલા. અમો બધા ભરતભાઈ બેચરભાઈના કુવા ઉપર રહેતા હતા. ભરતભાઈના કુવા ઉપર તેમનો ભાગીયો કમલેશભાઈ કાંતિભાઈ ભાગીયા તરીકે રહેતો હતો. તે રાજસ્થાનનો રહેવાશી હતો**. અમોએ પચ્ચીસ દિવસ ઘઉ વાઢેલા. ઘઉ વાઢવાનું કામ પતી ગયા બાદ સાંજે જમી પરવાળીને રાત્રે નવેક વાગ્યે ભરતભાઈ બેચરભાઈના કુવા ઉપર બેઠા હતા. તે સમયે રાજુભાઈ બાબુભાઈ અને કમલેશ કાંતિભાઈ અમારી પાસે આવેલા. **રાજુભાઈએ મારા મામા મુકેશભાઈને જણાવેલ કે મારા મજુરીના પૈસા આપી દો અને તેમ કહીને તે ગાળો બોલવા લાગેલા. તેની ઉપરાંણુ લઈને કમલેશ પણ ગાળો બોલવા લાગેલો. મારી માતાએ કમલેશને ગાળો બોલવાની ના પાડેલી**. જેથી **કમલેશ રાજુની ઉપરાણું લઈને એકદમ ઉશ્કારાઈ ગયેલો જણાવેલ કે મારા મિત્રના પૈસા આપી દો નહીતર હું તમોને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલી. ત્યારબાદ**

**બાજુમાં પડેલું લાકડું લઈને મારી માતાને માથાના ભાગે પાછળની સાઈડે લાકડું મારેલું અને મારી માતા નીચે પડીને બેભાન થઈ ગયેલી. મારી માતા પાસે મારા મુકેશભાઈ ગયેલા અને બુમાબુમ કરતાં કમલેશભાઈએ મારા મામા મુકેશભાઈને બરડાના ભાગે લાકડું મારેલું.** મારા મામા મુકેશભાઈએ બુમો પાડતાં બધા મજુરો ભેગા થઈ ગયેલા. કોઈએ ૧૦૮ને ફોન કરતાં ૧૦૮ આવી ગયેલી અને **મારી માતાને ૧૦૮માં વિજાપુર સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. ડોકટેર તપાસ કરતાં તેઓને મરણ ગયેલા જાહેર કરેલા."**

આ સિવાય ફરીયાદ આપવા માટેનું શું કારણ હતુ તે બાબતે ફરીયાદીએ પોતાની સરતપાસમાં એવી હકીકત જાહેર કરેલ છે કે,

" સદર બનાવ રાજુએ પૈસાની ઉઘરાણી મુકેશ પાસે કરેલી અને રાજુએ ઝગડો કરેલો અને ગાળો બોલતા હતા અને મારા પૈસા આપીદો તેવી ધમકી આપેલી અને તેના અનુસંધાને કમલેશે મારા મિત્રના પૈસા આપીદો નહીતો જાનથી મારીનાખીશ તથા ગાળો બોલતા હોઈ મારી માએ ગાળો બોલવાની ના પાડતા મારી માતાને ઈજા થતા સદર બનાવની કાયદેસર થવા સારૂ મે લાડોલ પો.સ્ટે ફરીયાદ આપેલી."

આ સિવાય સદરહું ફરીયાદીએ પોતાની માતાની લાશને પોલીસ સમક્ષ ઓળખી બતાવેલ છે તે રીતની વિગત પણ જણાવેલ છે. આ સિવાય સદરહું ફરીયાદી દ્વારા મુદ્દામાલ લાકડુ કે જેનાથી મરણજનારનું મોત નિપજાવવામાં આવેલ છે તે સંદર્ભે એવી હકીકત જાહેર કરેલ છે કે,

**" મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ કે જે સીલબંધ હાલતમાં છે તે સીલ કોર્ટ રૂબરૂ તોડી ખોલીને બતાવતા તેમાંથી એક લાકડું નીકળેલ છે તે જોઈને જણાવુ છું કે, મારી માતાને આ લાકડાથી મારવામાં આવેલ તે તેજ છે."**

વધુમાં, આરોપીઓની ઓળખના મુદ્દા ઉપર આ ફરીયાદીએ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તે સંદર્ભે સરતપાસની વિગત અત્રે નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

**" હું આરોપીઓને ઓળખુ છું તેમ જણાવી સાહેદ એક ઈસમને રાજુ બાબુ તરીકે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે તે ઈસમને કોર્ટ રૂબરૂ પુછતા આરોપી પોતે પોતાનું નામ રાજુ બાબુ બારીયા હોવાનું જણાવે છે. સાહેદ બીજા એક ઈસમને કમલેશ કાન્તિ ગરાસીયા તરીકે કોર્ટ રૂબરૂ**

**ઓળખી બતાવે છે તે ઈસમને કોર્ટ રૂબરૂ પુછતા આરોપી પોતે પોતાનું નામ કમલેશ કાન્તિલાલ ગરાસીયા હોવાનું જણાવે છે."**

આ કામે ફરીયાદીની સરતપાસની હકીકતની સામે આરોપીઓ તર્ફે વિ.વ.શ્રીએ વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. આ ઉલટતપાસની વિગત પણ અત્રે નોંધવી ખૂબજ જરૂરી છે. કારણ કે, આ કેસના મહત્વના સાક્ષી પૈકીના એક સાક્ષી અને બનાવના નજરે જોનાર હાલના ફરીયાદી છે. ફરીયાદીની ઉલટતપાસમાં કેટલીક એવી વિગત રેકર્ડ ઉપર આવેલ છે કે,

"એ વાત ખરી છે કે,આ ગામ આવ્યા તે પહેલા સાદરા મુકામે બટાકા કાઢવાની મજુરીએ ગયેલ.એ વાત ખરી છે કે,સાદરા મુકામે બટાકા કાઢવાની મજુરીએ ગયેલા તે સમયે અમારા મુકદમ તરીકે વિપુલભાઈ હતા.એ વાત ખરી છે કે,તે સમયે અમારૂ કુટુંબ અને રાજુભાઈનું કુટુંબ સાથે હતુ. **એ વાત ખરી છે કે,સાદરા મુકામે મુકેશભાઈનાઓ પણ મજુરી અર્થે સાથે હતા.એ વાત ખરી છે કે,મુકેશભાઈ મારા મામા થાય છે**.સાદરા મુકામે બટાકા કાઢવાની મજુરી માટે અમે લગભગ પંદરેક દિવસ રોકાયેલા.સાદરા મુકામે અમારી સાથે મજુરી કરવા માટે લગભગ બધા મળીને પંદરેક જેટલા માણસો આવેલા હતા.**એ વાત ખરી છે કે,આ બટાકા કાઢવાની મજુરી પુરી થયા બાદ અમે હસનાપુર આવેલા.એ વાત ખરી છે કે,અમે હસનાપુર મુકામે આવેલ તે સમયે મુકદમ તરીકે મારા મામા મુકેશભાઈ હતા.અમે હસનાપુર મુકામે કુલ ૧૪ માણસો આવેલા. હસનાપુર મુકામે મારા કુટુંબના ચાર માણસો આવેલા.આ ચાર માણસોમાં હું,મારી પત્નિ,મારી માતા,મારી બેન એ રીતના માણસો હતા.આ હસનાપુર ત્રણ કુટુંબના માણસો આવેલ હતા.એ વાત ખરી છે કે,હસનાપુર મુકામે આ ત્રણેય કુટુંબના માણસો પોતપોતાની રસોઈ અલગ-અલગ બનાવતા હતા. આ હસનાપુર મુકામે ચાર ચુલા હતા**. એ વાત ખરી છે કે,ઘઉ વાઢવાના કામ માટે જગ્યા જોવાની,ખેતર જોવાનું કામ,મજુરી નકકી કરવાની તે રીતનું કામ મુકર્દમે કરવાનું હોય છે. **હસનાપુર ખાતે ઘઉ વાઢવાનું કામ ઉચ્ચક મજુરીએ રાખેલુ હતુ.** એ વાત ખરી છે કે,જ્યારે ઘઉ વાઢવાનું કામ ઉચ્ચક રાખવામાં આવે ત્યારે મજુરીના બદલે ઘઉ નક્કી કરવામાં આવતા હોય છે.એ વાત ખરી છે કે,આ ઘઉની મજુરી સીવાય અમે તમાકુ ભાગવાની (પાન તોડવાની)અને ભેગી કરવાની મજુરીનું કામ પણ કરતા હતા.એ વાત ખરી નથી કે,આ તમાકુ ભાગવાની (પાન તોડવાની)અને ભેગી કરવાની મજુરી રોકડમાં રોજે રોજ

મળતી હતી.જો મને એવુ પુછવામાં આવતુ હોય કે મજુરીમાં તમને તમાકુ આપતા હતા તો હું જણાવુ છું કે,અમને મજુરીમાં રોકડ રૂપીયા આપતા હતા.એ વાત ખરી છે કે,આ તમાકુ ભાગવાનું અને તમાકુની મજુરીનું કામ નકકી કરવાનું કામ મુકર્દમ કરતા હતા.એ વાત ખરી છે કે,વ્યકતિ પાસેથી કેટલી મજુરી લેવાની તે નકકી કરવાનુ કામ મુકર્દમ કરતા હતા.એ વાત ખરી છે કે,ખેડુત સાથે મજુરીની જે રકમ નક્કી કરેલ હોય તે રકમ ખેડુત મુકર્દમને આપે.**જો મને એવુ પુછવામાં આવતુ હોય કે,મજુરી માટે જે માણસો આવે તેઓના ખાવા પીવાની જવાબદારી મુકર્દમની હોય છે તો હું જણાવુ છું કે,દરેકનું કરીયાણાની દુકાને અલગ–અલગ ખાતુ પાડવામાં આવેલ હોય છે.એ વાત ખરી છે કે, કરીયાણાનો સામાન મજુરો પોતપોતાનો અલગ–અલગ લાવતા હતા**.એ વાત ખરી છે કે,કરીયાણાની દુકાનેથી જે વ્યકતિ સામાન લાવે તે વ્યકિતએ તેના નાણા આપવાના હતા.**એ વાત ખરી છે કે,મજુરોને પૈસાની જરૂર પડે ત્યારે તેઓ મુકર્દમ પાસેથી ઉપાડ કરીને રૂપીયા લેતા હોય છે.આરોપી રાજુભાઈ બીજા ગામના છે.આરોપી રાજુભાઈના કુટુંબના ચાર માણસો હસનાપુર ગામે મજુરીએ આવેલા હતા. હસનાપુર ગામે મજુરી અર્થે અમે સૌપ્રથમ વખત જ આવેલા હતા.આ આરોપી રાજુભાઈ સાથે અમે સાદરા ગામે બટાકા કાઢવાની મજુરીમાં અને હસનાપુર ઘઉ વાઢવાની મજુરીમાં સાથે હતા**. એ વાત ખરી છે કે,ઘઉ વાઢવાની મજુરીના કામ માટે સવારે જયા રહેતા હતા ત્યાથી જમવાનું બનાવીને સવારે નીકળી જયા ઘઉ વાઢવાના હતા ત્યા જઈ દિવસે ત્યા કામ કરી બપોરે ત્યા જમી સાંજે જયા રહેતા હતા ત્યા પરત આવતા હતા. અમે સાંજના ઘઉ વાઢવાની મજુરીએ થી છ એક વાગ્યાના અરસામાં પરત આવતા હતા. અમારે સાંજના રસોઈ અને જમવાનું કામ રાતના આઠેક વાગ્યાના અરસામાં પુરૂ થઈ જતુ હતુ. **જો મને એવુ પુછવામાં આવતુ હોય કે,બધા માણસો સાડા આઠથી નવ વાગ્યાના અરસામાં સુઈ જાય તો હું જણાવુ છું કે,તેવુ હોતુ નથી ઘણા બધા માણસો વાતો કરતા હોય છે અને પછી સુતા હોય છે.** એ વાત ખરી છે જે માણસો વાતો કરતા ન હોય તે સાડા આઠથી નવ વાગ્યાના અરસામાં સુઈ જતા હોય છે. જો મને એવુ પુછવામાં આવતુ હોય કે,જે જગ્યાએ બનાવ બનેલો છે ત્યા ટયુબવેલ આવેલ છે તો હું જણાવુ છું કે,ત્યા પાણીનો ટાકો આવેલ છે ટયુબવેલ આવેલ નથી. **એ વાત ખરી છે કે,જે જગ્યાએ અમે રોકાણ કરેલ તે ખુલ્લી જગ્યા હતી. અમે જે જગ્યાએ રોકાણ કરેલ તે ખેતરની ખુલ્લી જગ્યા હતી. એ વાત ખરી છે કે,અમે જે જગ્યાએ ખેતરની ખુલ્લી જગ્યામાં રોકાણ કરેલ ત્યા નજીક નજીકમાં ચુલા બનાવેલ હતા.એ વાત ખરી છે કે,આ નજીકમાં ચુલા બનાવેલ ત્યા અમારે સુવાનું થાય.**"

આમ, ફરીયાદીની સરતપાસમાં જે બનાવની વિગતો જણાવેલ છે તે સંદર્ભે આરોપીઓ તર્ફેના વિ.વ.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. વધુમાં **ફરીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસની વિગતો ધ્યાને લેતાં બનાવ સમયે ફરીયાદી ગુના બનાવવાળી જગ્યાએ હાજર હતા તે બાબતને આરોપીઓ દ્વારા કોઇ પણ જગ્યાએ ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી**. વધુમાં, **બનાવ સમયે આ ફરીયાદી ગુના બનાવવાળી જગ્યાએ હાજર ન હતા તેવુ ફરીયાદપક્ષના સમગ્ર પુરાવામાં કોઇ પણ જગ્યાએ આરોપી દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. આવા સંજોગોમાં ફરીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસની વિગત અને ફરીયાદી મરણજનારના પુત્ર હતા અને તેઓ ઘઉં કાપવાની મજુરી માટે બધા આવેલા હતા તે રીતની વિગતને વ્યાજબી સમર્થન મળતુ હોવાથી ફરીયાદી બનાવવાળી જગ્યાએ બનાવ સમયે હાજર હતા તેવુ ફરીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસને ધ્યાને લેતાં સાબીત થાય છે તેમ માનું છું.

આ કામે ફરીયાદીની સમગ્ર જુબાનીની વિગત ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવું જણાવેલ છે કે, તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજનો બનાવ બનેલો અને તે સમયે હસનાપુર, તા. વિજાપુર મુકામે ઘઉં વાઢવાની સિઝન ચાલતી હોય પટેલ ભરતભાઈ બેચરભાઈને ત્યાં કુલ ૧૪ માણસો દાહોદથી આવેલા હતા તે વિગતની સામે આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલી છે તે ઉલટતપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો ઘઉં વાઢવાની મજૂરી માટે માણસો આવેલા તે રીતની વિગતને ઉલટ તપાસમાં સમર્થન મળેલ છે.

વધુમાં, ઉલટતપાસમાં મહત્વની એવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે, **"એ વાત ખરી છે કે, અમે હસનાપુર મુકામે આવેલ તે સમયે મુકર્દમે તરીકે મારા મામા મુકેશભાઈ હતા. અમે હસનાપુર મુકામે કુલ ૧૪ માણસો આવેલા. હસનાપુર મુકામે મારા કુટુંબના ચાર માણસો આવેલા."**.

આમ, **હસનાપુર મુકામે જે મજૂરીનું કામ રાખવામાં આવેલું હતું ત્યાં લગભગ ૧૪ જેટલા માણસો આવેલા હતા તે રીતની વિગત ફરીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસમાં એક જ સરખી રહે છે. જેથી આ ફરીયાદીની આ હકીકતને ન માનવા માટેનું કોઈ કારણ મને જણાતું નથી તેથી ફરીયાદીની આ હકીકત માનું છું.**

વધુમાં, સદરહુ ફરીયાદીની ઉલટતપાસમાં આ આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા મહત્વની એવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે, **"એ વાત ખરી છે કે, ઘઉં વાઢવાના કામ માટે જગ્યા જોવાની, ખેતર જોવાનું કામ, મજૂરી નક્કી કરવાનું તે રીતનું કામ મુકર્દમે કરવાનું હોય છે. હસનાપુર ખાતે ઘઉં વાઢવાનું કામ ઉચ્ચક મજૂરીએ રાખેલું હતું."** આમ, **ફરીયાદી આ હસનાપુર ખાતે જે બનાવવાળી જગ્યાએ રહેતા હતા ત્યાં ૧૪ જેટલા મજૂરો ઘઉં વાઢવાની મજૂરી માટે આવેલા અને ત્યાં રોકાયેલા તે રીતની જે વિગત જણાવી છે તેને વ્યાજબી સમર્થન મળે છે. જેથી ફરીયાદીની આ હકીકત માનું છું**.

વધુમાં, આ કામે ફરીયાદીની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીના સરતપાસમાં જણાવ્યા મુજબ ૨૫ દિવસ સુધી ઘઉં વાઢવામાં આવેલા હતા અને **ઘઉં વાઢવાનું કામ પતી ગયા બાદ મજૂરોના પૈસાનો હિસાબ બાકી હતો.** આ બાબતે ફરીયાદીએ પોતાની સરતપાસમાં એવું સ્પષ્ટ જણાવેલું છે કે, **"અમોએ ૨૫ દિવસ ઘઉં વાઢેલા. ઘઉં વાઢવાનું કામ પતી ગયા બાદ સાંજે જમી પરવાળીને રાત્રે નવેક વાગ્યે ભરતભાઈ બેચરભાઈના કુવા ઉપર બેઠા હતા તે સમયે રાજુભાઈ બાબુભાઈ અને કમલેશ કાંતિભાઈ મારી પાસે આવેલા. રાજુભાઈએ મારા મામા મુકેશભાઈને જણાવેલ કે, મારી મજૂરીના પૈસા આપી દો અને તેમ કહીને તે ગાળો બોલવા લાગેલા."**. આમ, ફરીયાદીની સરતપાસમાં હાલના આરોપીઓ પૈકીના આરોપી નં.૨ રાજુભાઈનાઓએ મુકેશભાઈ પાસે મજૂરીના પૈસા માંગેલા તે રીતની વિગત જણાવેલી છે. આ હકીકતની સાથે આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે તે ઉલટતપાસની વિગતો ધ્યાને

લેવામાં આવે તો તેમાં એવું રેકર્ડ ઉપર લાવવામાં આવેલું છે કે, "**એ વાત ખરી છે કે, ઘઉં વાઢવાના કામ માટે જગ્યા જોવાની, ખેતર જોવાનું કામ, મજૂરી નક્કી કરવાનું તે રીતનું કામ મુકદ્દમે કરવાનું હોય છે. હસનાપુર ખાતે ઘઉં વાઢવાનું કામ ઉચક મજૂરીએ રાખેલું હતું.**" આમ, મજૂરી સંદર્ભે જગ્યા, મજૂરી નક્કી કરવાની બાબત અને તેને સંલગ્ન કામગીરી જે મુકદ્દમે હોય છે તે નક્કી કરતો હોય છે. વધુમાં આરોપીઓ તરફે આ ફરીયાદીની ઉલટતપાસમાં બીજી મહત્વની એવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે, "એ વાત ખરી છે કે, વ્યક્તિ પાસેથી કેટલી મજૂરી લેવાની તે નક્કી કરવાનું કામ મુકદ્દમ કરતા હતા. એ વાત ખરી છે કે, ખેડૂત સાથે મજૂરીની જે રકમ નક્કી કરેલ હોય તે રકમ ખેડૂત મુકદ્દમને આપે. **જો મને પૂછવામાં આવતો હોય કે મજૂરી માટે જે માણસો આવે તેઓના ખાવાપીવાની જવાબદારી મુકદ્દમની હોય છે તો હું જણાવું છું કે, દરેકનું કરિયાણાની દુકાને અલગ અલગ ખાતું પાડવામાં આવેલ હોય છે. એ વાત ખરી છે કે, કરિયાણાનો સામાન મજૂરો પોત પોતાનો અલગ અલગ લાવતા હતા. એ વાત ખરી છે કે, કરિયાણાની દુકાનેથી જે વ્યક્તિ સામાન લાવે તે વ્યક્તિએ તેના નાણા આપવાના હતા. એ વાત ખરી છે કે, મજૂરોને પૈસાની જરૂર પડે ત્યારે તેઓ મુકદ્દમે પાસેથી ઉપાડ કરીને રૂપિયા લેતા હોય છે.**" આમ, આ વિગતને ધ્યાને લેવામાં આવે તો મુકદ્દમે ખેડૂત પાસેથી મજૂરીની રકમ નક્કી કરતું હોય છે અને મજૂરો કામ કરે તે દરમ્યાન મજૂરોનું અનાજ કરિયાણાનું દરેકને અલગ અલગ ખાતું પાડવામાં આવેલ હોય છે અને મજૂરોને જે પ્રમાણે પૈસાની જરૂર પડે તે મુજબ તેઓ ઉપાડ લેતા હોય છે. **આવા સંજોગોમાં મજૂરો ઉપાડ લેતા હોય તો સ્વાભાવિક રીતે કામ પૂરૂ થયા બાદ ચૂકવવા પાત્ર રકમ અને ઉપાડવા લીધેલી રકમ અને કેટલા દિવસ મજૂરી કરેલી છે અને કેટલા વ્યક્તિઓએ મજૂરી કરેલી છે તે રીતની બાબતો ધ્યાને લઈ હિસાબ કરવો પડે અને તે મુજબ મજૂરને રકમ ચૂકવવા પાત્ર થાય. આવા સંજોગોમાં ફરીયાદ પક્ષના કેસમાં ફરીયાદીના જણાવ્યા મુજબ બનાવ સમય આરોપી નં.૨ નાઓએ જે**

**મજૂરીની રકમ માંગેલી તે મજૂરીની રકમ સંદર્ભે હિસાબ બાકી હતો તેવું ફરીયાદપક્ષ જણાવે છે તે ઉપરોક્ત વિગતો જોતા વ્યાજબી અને માનવા લાયક હોવાનું જણાય છે**.

વધુમાં, **ફરીયાદીની ઉલટતપાસમાં કોઈ પણ જગ્યાએ કામ પુરૂ થયા બાદ મજૂરોનો હિસાબ કીતાબ અગાઉ થઈ ગયેલો હોય અને આરોપી નં.૨ નાએ કોઈ ચોક્કસ રકમ લેવાની થતી હોય તે રીતની વિગત ઉલટ તપાસમાં રેકોર્ડ ઉપર લાવવામાં આવેલી નથી**.

વધુમાં, **આરોપી નં.૨ નાઓએ ક્રી.પ્રો. કોડની ક.૩૧૩ મુજબ વધારાનું નિવેદન આપેલુ છે તે નિવેદનમાં પણ હાલના આરોપી નં.૨ નાઓએ મજૂરીની કોઈ ચોક્કસ રકમ હિસાબ થયા પછી લેવાની હોય તે રીતે જણાવેલ નથી તેમજ મજુરીનો હિસાબ બનાવ અગાઉ થઇ ગયેલો હોય તેવી વિગત પણ જણાવેલી નથી** .

આમ, **ફરીયાદ પક્ષ દ્વારા મજૂરીનો હિસાબ કરવાનો બાકી હોવાનું જણાવવામાં આવેલ છે તે વિગત ફરીયાદીની જુબાનીના આધારે વ્યાજબી અને માનવા લાયક છે તેથી ફરીયાદીના આ હકીકતને હું માનું છું**.

આ કામે ફરીયાદીની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી આ મજૂરો સાથે આવેલા કે કેમ? તે બાબતે ફરીયાદીએ સરતપાસમાં એવું જણાવેલું છે કે, "**તે ૧૪ માણસોમાં હું, મારી પત્ની, મારી મમ્મી, મારા મામા મુકેશભાઈ, મારી મામી, તેમની દીકરી તથા તેમની ભાણેજ, મારા બીજા મામા સતિષભાઈ તથા તેમનો દીકરો અને તેમનો ભાઈ મહેશ અને મહેશની પત્ની આવેલી** અને **અમારી સાથે રાજુભાઈ બાબુભાઈ તથા તેમની પત્ની અને તેમનો પુત્ર આવેલો અને રાજુભાઈના સાળાનો દીકરો પણ અમારી સાથે આવેલો**. **અમે બધા ભરતભાઈ બેચરભાઈના કુવા ઉપર રહેતા હતા** " આમ, મજૂરી કરવા માટે જે માણસો આવેલા હતા તે માણસોમાં હાલના આરોપી નં.૨ નાઓ પણ પોતાના પરીવાર સાથે ત્યાં આવેલા હતા તે રીતની વિંગત ફરીયાદીએ સરતપાસમા જણાવેલી છે . આરોપી તરફે વિ.વ.શ્રી

દ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલી છે તે ઉલટતપાસમાં મહત્વની એવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે, " **આરોપી રાજુભાઈ બીજા ગામના છે. આરોપી રાજુભાઈના કુટુંબના ચાર માણસો હસનાપુર ગામે મજૂરીએ આવેલા હતા. હસનાપુર ગામે મજૂરી અર્થે અમો સૌપ્રથમ વખત જ આવેલા હતા. આ આરોપી રાજુભાઈ સાથે અમે સાદરા ગામે બટાકા કાઢવાની મજૂરીમાં અને હસનાપુર ઘઉં વાઢવાની મજૂરીમાં સાથે હતા."**. આમ, **ફરીયાદી સાથે અને મજૂરી કામમાં હાલના આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયાનાઓ પણ સાથે હતા તે રીતની વિગત ઉલટ તપાસમાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે અને આ આરોપી નં.૨ નાઓ ફરીયાદી અને તેના કુટુંબીજનો ભરતભાઈના કુવા ઉપર રહેતા હતા ત્યાં જ સાથે રહેતા હતા તે રીતની વિગત પણ જણાવેલી છે**.

**આવા સંજોગોમાં ફરીયાદીની આ હકીકતને ન માનવાનું કોઈ કારણ મને જણાતું નથી. જેથી ફરીયાદીની જુબાનીના આધારે મારૂ એવું માનવું છે કે, આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયાનાઓ ફરીયાદી અને તેના કુટુંબીજનો સાથે હસનાપુર ગામે ભરતભાઈ બેચરભાઈના કુવા ઉપર ઘઉં વાઢવાની મજૂરી માટે પરીવાર સાથે આવેલા હતા અને ત્યાં તેઓની સાથે રહેતા હતા**.

વધુમાં, આ કામે ફરીયાદીની જુબાનીની વિગત ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ પોતાની સરતપાસમાં બીજી મહત્વની એવી હકીકત જાહેર કરેલ છે કે, **"અમો બધા ભરતભાઈ બેચરભાઈ ના કુવા ઉપર રહેતા હતા. ભરતભાઈ ના કુવા ઉપર તેમનો ભાગીયો કમલેશભાઈ કાંતિભાઈ ભાગીયા તરીકે રહેતો હતો. તે રાજસ્થાનનો રહેવાસી હતો."**. આમ, **ફરીયાદી અને આરોપી નં.૨ નાઓ જે ભરતભાઈ બેચરભાઈના કુવા ઉપર રહેતા હતા ત્યાંજ આ ભરતભાઈ બેચરભાઈની જમીનનો ભાગીયો કમલેશભાઈ કાંતિભાઈ એટલે કે આરોપી નં.૧ નાઓ પણ ત્યાં કુવા ઉપર જ રહેતો હતો તે રીતની હકીકત ફરીયાદીએ જણાવેલી છે**. વધુમાં **આરોપીઓ તરફે વિ.વ.શ્રી દ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં**

બીજી મહત્વની એવી હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલી છે કે, "એ વાત ખરી છે કે, કમલેશભાઈ અમારી સાથે રહેતા ન હતા પરંતુ અલગ ઓરડીમાં રહેતા હતા. આ કમલેશભાઈનાઓ ભરતભાઈને ત્યાં ભાગીયા તરીકે રહેતા હતા. એ વાત ખરી છે કે, અમે હસનાપુર મજૂરી આવ્યા ત્યારબાદ આ કમલેશભાઈ સાથે અમારી ઓળખાણ થયેલી.". આમ, આ હકીકતને ધ્યાને લેવામાં આવે તો ઉલટ તપાસમાં પણ આ આરોપી નં.૧ કમલેશભાઈ ભરતભાઈના ખેતરના ભાગીયા તરીકે છે તેવું ફરીયાદીએ સ્પષ્ટ જણાવેલું છે અને પોતાની આ હકીકતથી ફરેલા નથી.

વધુમાં, આ કમલેશભાઈનાઓ ઓરડીમાં અલગ રહેતા હતા તે રીતની વિગત જણાવેલી છે અને આ તમામ હસનાપુર ખાતે સાથે હતા તે રીતની વિગત પણ જણાવેલી છે.

આ સંજોગોમાં સદરહુ ફરીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસમાં કબુલ કરેલી આ વિગત અને તેને સંલગ્ન પરીબળોની વિગતો જોતા મારૂ એવું માનવું છે કે, આ આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ ગરાસીયાનાઓ ભરતભાઈ બેચરભાઈની જમીનમાં ભાગીયા તરીકે હતા અને ત્યાં કુવા ઉપર આવેલી ઓરડીમાં રહેતા હતા.

વધુમાં, આ કામે બનાવ સંદર્ભે ફરીયાદીની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીના જણાવ્યા અનુસાર આ મજૂરો ભરતભાઈ બેચરભાઈના કુવા ઉપર પોતાના ચુલા બનાવીને રહેતા હતા ત્યાં બનેલો. ઉલટતપાસમાં આરોપીઓ તરફે વિ.વ.શ્રી દ્વારા જે ઉલટ તપાસ કરવામાં આવેલું છે તે ઉલટતપાસમાં પણ આ મજૂરો જે જગ્યાએ પોતાનો ચૂલો બનાવીને જમવાનું બનાવી રહેતા હતા તે જગ્યાએ બનાવ બનેલાની વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે. જેથી ફરીયાદીની સમગ્ર જુબાનીમાં ગુનાબનાવવાળી જગ્યા બદલાતી નથી તેવું મારૂ સ્પષ્ટ માનવું છે.

વધુમાં આ બનાવની શરૂઆત સંદર્ભે ફરીયાદીએ પોતાની જુબાનીમાં સર તપાસમાં એવું જણાવેલું છે કે, "અમોએ ૨૫ દિવસ ઘઉં વાઢેલા. ઘઉં વાઢવાનું કામ પતી ગયા બાદ **સાંજે જમી પરવારીને રાત્રે**

**નવેક વાગ્યે ભરતભાઈ બેચરભાઈના કુવા ઉપર બેઠા હતા તે સમયે રાજુભાઈ બાબુભાઈ અને કમલેશભાઈ કાંતિભાઈ અમારી પાસે આવેલ અને રાજુભાઈએ મારા મામા મુકેશભાઈને જણાવેલ કે, મારા મજુરીના પૈસા આપી દો અને તેમ કહીને તે ગાળો બોલવા લાગેલ તેનું ઉપરાણું લઈને કમલેશ પણ ગાળો બોલવા લાગેલો**. **મારી માતાએ કમલેશને ગાળો બોલવાની ના પાડેલી જેથી કમલેશ રાજુનું ઉપરાણું લઈને એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને જણાવેલ કે, મારા મિત્રના પૈસા આપી દો નહીંતર હું તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલી**. **ત્યારબાદ બાજુમાં પડેલું લાકડું લઈને મારી માતાને માથાના ભાગે પાછળની સાઈડે લાકડુ મારેલું અને મારી માતા નીચે પડીને બેભાન થઈ ગયેલી**. મારી માતા પાસે મારા મામા મુકેશભાઈ ગયેલા અને બૂમાબૂમ કરતા **કમલેશભાઈએ મારા મામા મુકેશભાઈને બરડાના ભાગે લાકડું મારેલું**. મારા મામા મુકેશભાઈએ બૂમો પાડતા બધા મજૂરો ભેગા થઈ ગયેલા." આમ, બનાવ બનેલો છે તે જે ક્રમમાં બનેલો તે ક્રમની વિગત પણ ફરીયાદીએ પોતાની સરતપાસમાં જણાવેલી છે.

વધુમાં, **આ બનાવ સંદર્ભે ફરીયાદ પક્ષ તરફથી કોઈ ઉશ્કેરાટનું કારણ આપવામાં આવેલું નથી** અને તે બાબતે ફરીયાદીએ સરતપાસમાં બીજી એવી વિગત જણાવેલી છે કે, "સદર બનાવ રાજુએ પૈસાની ઉઘરાણી મુકેશ પાસે કરેલી અને **રાજુએ ઝઘડો કરેલો અને ગાળો બોલતા હતા અને મારા પૈસા આપી દો તેવી ધમકી આપેલી અને તેના અનુસંધાને કમલેશે મારા મિત્રના પૈસા આપી દો નહીં તો જાનથી મારી નાખીશ તથા ગાળો બોલતા હોય મારી મા એ ગાળો બોલવાની ના પાડતા** મારી માતાને ઈજા થતા સદર બનાવની કાયદેસરની થવા સારૂ મે લાડોલ પોલીસ સ્ટેશન ફરીયાદ આપેલી.". આમ, **આ સમગ્ર બનાવમાં ફરીયાદીએ કે બીજી કોઈ વ્યકિતએ કે મરણજનારે બનાવ સંદર્ભે કોઈ ઉશ્કેરાટનું કારણ આરોપી નં.૧ કે ૨ ને આપેલ હોય તે રીતની વિગત જણાવેલી નથી**.

વધુમાં, **આ બનાવવામાં જે મુકેશભાઈને આરોપી નં.૧**

**નાઓએ લાકડા થી બરડાના ભાગે મારેલાનું જણાવવામાં આવેલું છે તે વ્યક્તિએ(મુકેશભાઇ) આ બનાવમાં ઉશ્કેરાટનું કારણ આરોપી નં.૧, આરોપી નં.૨ કે આરોપી નં.૧ અને ૨ નાઓને આપેલું હોય તેવું પણ પુરાવામાં રેકર્ડ ઉપર આવતું નથી**.

વધુમાં, આરોપીઓ તરફે વિ.વ.શ્રી દ્વારા જે ઉલટતપાસ સદરહુ ફરીયાદીની કરવામાં આવેલી છે તે ઉલટતપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો તેમાં એવું જણાવેલ છે કે, " અમે ચુલા પર બેઠા હતા તે સમયે આશરે રાત્રિના નવેક વાગ્યાના **અરસામાં રાજુભાઈ આવેલા. આ રાજુભાઈ આવ્યા તે સમયે ત્યાં હાજર બધા માણસો જાગતા હતા**. એ વાત ખરી નથી કે, અમે બેઠા હતા ત્યાં લાઈટ (પ્રકાશ) ની કોઈ વ્યવસ્થા ન હતી. **એ વાત ખરી નથી કે, બનાવ સમય ત્યાં અંધારૂ હતું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યાં લાઈટ હતી**. અમે ચુલા પર બેઠા હતા તે સમયે રાજુભાઈની સાથે કમલેશભાઈ આવેલા. એ વાત ખરી છે કે, રાજુભાઈ મજૂરીના પૈસાની માંગણી મુકેશભાઈ પાસે કરતા હતા. એ વાત ખરી છે કે, મુકેશભાઈ અને રાજુભાઈ વચ્ચે બોલાચાલી થયેલી. એ વાત ખરી નથી કે, આ બોલાચાલીમાં મુકેશભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલા. એ વાત ખરી નથી કે, મુકેશભાઈએ એવી ધમકી આપેલી કે તને કોઈ પૈસા મળશે નહીં. એ વાત ખરી છે કે, રાજુભાઈએ એવું કહેલ કે મજૂરીના રૂપિયા આપવા પડશે. **એ વાત ખરી નથી કે, મુકેશભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને ચૂલા પાસે પડેલું લાકડું લઈને રાજુભાઈને મારવા દોડેલા અને લાકડું રાજુભાઈને મારવા જતા મારી મમ્મી વચ્ચે આવી જતા તેઓને લાકડું વાગેલું."**. આમ, **આ મહત્વની વિગત ધ્યાને લેવામાં આવે તો ઉલટતપાસમાં બનાવ સમય અજવાળું હતું તે રીતની વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે તેમજ આરોપી નં.૨ રાજુભાઈએ મજૂરીના પૈસાની માંગણી કરેલી તે સમયે આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓ પણ ત્યાં આ રાજુભાઈની સાથે ગુનાબનાવવાળી જગ્યાએ હાજર હતા તે રીતની વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે**. વધુમાં, મરણજનારને જે લાકડાથી માથાના

પાછળના ભાગે ઈજા કરવામા આવેલી અને મોત નીપજેલ છે તે લાકડું લઈને મુકેશભાઈ દોડેલા હોય તે રીતની હકીકતનો ફરીયાદીએ સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.

વધુમાં, **મુકેશભાઈનાઓ રાજુભાઈને લાકડું લઈને મારવા દોડેલા હોય અને મરણજનાર વચ્ચે આવી જતા મરણજનારને વાગેલું હોય તે બાબતનો પણ સ્પષ્ટ ઈનકાર કરેલ છે**.

આમ, **ફરીયાદી બનાવ સમય હાજર રહેલા વ્યક્તિ છે અને બનાવ નજરો નજર જોયેલો છે અને તેમાં મરણજનારનું મૃત્યુ અકસ્માતે ઈજા થવાથી થયેલ હોય તે બાબતનો સ્પષ્ટ ઈન્કાર કરેલો છે**. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો મુકેશભાઈ લાકડાથી આરોપી નં.૨ રાજુભાઈને મારવા જતા મરણજનારને ઈજા થયેલી હોય તે રીતની વિગતને આ ફરીયાદી સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી.

વધુમાં, **સદરહુ ફરીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસની આ મહત્વની વિગતો ધ્યાને લેવામાં આવે તો પૈસાની ઉઘરાણી આરોપી નં.૨ નાઓએ કરેલી અને તેમાં મજૂરીનો હિસાબ બાકી હતો તેમ છતાં આરોપી નં.૧ નાઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને તુરંત જ લાકડાથી મરણજનારને માથાના ભાગે આરોપી નં.૧ નાએ ઈજા કરેલી છે અને તે સમગ્ર બનાવમાં આરોપી નં.૨ નાઓએ આરોપી નં.૧ નાઓની મદદગારી કરેલી છે તેવું તેમાંથી સ્પષ્ટ થાય છે** .

**આવા સંજોગોમાં સદરહુ ફરીયાદીની જુબાનીના આધારે મારૂ શંકા રહીત એવું માનવું છે કે, આરોપી નં.૨ રાજુભાઈ બારીયાની સાથે આ આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈનાઓ ગુનાબનાવવાળી જગ્યાએ ગયેલા હતા અને ત્યાં આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓએ મુકેશભાઈ પાસે મજૂરીના પૈસાની માંગણી કરેલી અને હિસાબ બાકી હતો તેથી મુકેશભાઈએ તે સમયે આરોપી નં.૨ ને મજૂરીના પૈસા આપેલા નહીં તે દરમ્યાન આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓએ ગાળા ગાળી ચાલુ કરેલી અને તે સમયે આરોપી નં.૧ નાઓએ આરોપી નં.૨ રાજુભાઈનું ઉપરાણું લઈને ગમે તેમ ગાળો બોલવા લાગેલા અને જાનથી**

**મારી નાખવાની ધમકી આપવા લાગેલા અને તે જ સમયેઆરોપી નં.૧ નાઓએ બાજુમાં પડેલું લાકડું લઈને મરણજનારને માથાના ભાગે પાછળની સાઈડે મારેલું અને તેના કારણે મરણજનાર સ્થળ ઉપર જ બેભાન થઈ ગયેલા અને પાછળથી ડોક્ટરે મરણજનારને મૃત જાહેર કરેલા.**

વધુમાં, આ કામે ફરીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો સમગ્ર જુબાનીમાં કોઈ પણ જગ્યાએ કુવા ઉપર બોરની વ્યવસ્થા ન હોય તે રીતની કોઈ વિગત બચાવ પક્ષ દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી.

વધુમાં, **કુવા ઉપરનો બોર ડીઝલ પંપથી ચલાવવામાં આવતો હોય તે રીતની પણ કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી** .

આમ, **કુવા ઉપર બોર સ્વાભાવિક રીતે ખેતરોમાં હોય તેવું અદાલતે ધ્યાને લેવું પડે અને આ કેસમાં પણ ફરીયાદપક્ષનો કેસ કુવા ઉપર બોર હતો તેવો જ છે તેમજ ડીઝલ પંપથી બોર ચલાવવામાં આવતો હોય તેવો ફરીયાદ પક્ષનો કેસ નથી અને બચાવ પક્ષનો તેવો બચાવ નથી. જેથી આ બાબતને ધ્યાને લેતા વ્યવહારના સામાન્ય ક્રમમાં સ્વાભાવિક રીતે વીજ કનેક્શનથી વીજ પ્રવાહ મેળવીને બોરની મોટર ચલાવવામાં આવતી હોય તેવું અદાલતે મૂલ્યાંકન કરવું પડે. જેથી સ્વાભાવિક રીતે રાત્રીના સમયે જ્યાં બોરની ઓરડી હોય ત્યાં વીજળીની સુવિધા સ્વાભાવિક રીતે હોય અને ત્યાં વ્યક્તિ રહેતી હોય તો લાઈટ (અજવાળા) ની વ્યવસ્થા પણ રાખવામાં આવતી હોય છે જેથી અજવાળું હોવાની વિગત તે રીતે અદાલતે ધ્યાને લેવી પડે.**

વધુમાં, **આ કેસમાં બનાવની તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજની છે એટલે કે તે સમય ઉનાળાનો સમય હતો જેથી અવકાશમાં વાદળ હોવાની સંભાવના કોઈ પણ સંજોગોમાં હોતી નથી. જેથી ગામથી દૂર ખેતર વિસ્તારમાં ઉનાળાના સમયે રાત્રીના વ્યક્તિઓ બેઠેલી હોય ત્યારે ચંદ્ર અને તારાઓના પ્રકાશના કારણે વ્યક્તિઓ નજીકમાં એકબીજાનો ચહેરો કેટલાક ફૂટના અંતરેથી સ્વાભાવિક રીતે**

**જોઈ શકે તેવું પણ મૂલ્યાંકન અદાલતે કરવું પડે તેવુ મારૂ માનવુ છે** .

વધુમાં, **આ કામે ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદીએ એવુ સ્પષ્ટ જણાવેલું છે કે, "સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યાં લાઈટ હતી."**. આમ, **ગુનાબનાવવાળી જગ્યાએ લાઈટ હતી અને ત્યાં પ્રકાશ હતો તેવું ફરીયાદીએ જણાવેલું છે અને આ હકીકતથી વિરૂધ્ધની કોઈ વિગત ફરીયાદીની સમગ્ર ઉલટ તપાસમાં ક્યાંય રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી. આવા સંજોગોમાં પ્રકાશની વ્યવસ્થાની બાબત પણ ફરીયાદીની જુબાનીમાં વ્યાજબી રીતે રેકર્ડ ઉપર આવે છે** .

વધુમાં, **વ્યવહારના સામાન્ય ક્રમમાં ગામથી દૂર ખેતર વિસ્તારમાં વ્યક્તિઓ જ્યારે રહેતી હોય ત્યારે ત્યાં સ્વાભાવિક રીતે એટલું આકાશના તારા અને ચંદ્રનુ અજવાળું હોય છે કે જેથી વ્યક્તિ નજીક નજીકમાં એકબીજાને બેઠેલા જોઈ શકે અને તે સંજોગોમાં ફરીયાદીએ આરોપી નં.૧ તથા આરોપી નં.ર નાઓને બનાવ સમયે ઓળખેલા છે તે વ્યાજબી રીતે ઓળખેલા છે તેવું મારૂ માનવું છે** .

વધુમાં, આ ઓળખના મુદ્દા ઉપર સાહેદ આમણીયાર ગુણવંતભાઈ કલસીંગભાઈનાઓની આંક-૩૦ ની સોગંદ ઉપરની જુબાનીની ઉલટ તપાસમાં આરોપી નં.ર ના વિ.વ.શ્રી એવી હકીકત રેકર્ડ ઉપર લાવેલા છે કે, **"મારા કહેવા મુજબ કમલેશભાઈ અને રાજુભાઈ બંનેવ સાથે આવેલા**. રાજુભાઈ અને મુકેશભાઈ કેટલા અંતરે હતા તો તે બાબતે અંતરની મને ખબર પડતી નથી પરંતુ તેઓ નજીક હતા. મને મીટરમાં ખબર પડે છે. **મુકેશભાઈ અને કમલેશભાઈનાઓ એક મીટરથી પણ ઓછા અંતરે ઊભા હતા. મારી અને મુકેશભાઈની વચ્ચે એક મીટર જેટલું અંતર હશે**. લલીબેનનાઓ પોતાના ચૂલા ઉપરથી બોલાચાલી વખતે ત્યાં આવેલા ત્યાં ગયેલા. **કમલેશભાઈ અને રાજુભાઈ નાઓ નજીક નજીક હતા.**"

આમ, **આ વિગતને ધ્યાને લેવામાં આવે તો આરોપી નં.૧ અને ર નાઓ એકબીજાથી નજીક નજીક હતા અને સાહેદથી પણ નજીક હતા અને તેમાં અંતર એક મીટરથી ઓછું જણાવવામાં આવેલું છે જેથી**

**નજીક ઊભેલી વ્યક્તિનો ચહેરો સ્વાભાવિક રીતે ચંદ્ર અને તારાઓના અજવાળામાં પણ જોઈ શકાય તેવા સંજોગોમાં આ ફરીયાદીએ આરોપી નં.૧ અને ૨ નાઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા છે. જેથી આ આરોપી નં.૧ અને આરોપી નં.૨ નાઓની ઓળખ શંકા રહીત બનાવ સમયે ગુનો કરનાર વ્યકત તરીકે વ્યાજબી રીતે થયેલી છે તેવું ફરીયાદીની જુબાનીના આધારે ઉપરોક્ત ચર્ચાની વિગતે સાબીત થાય છે તેમ માનું છું**.

વધુમાં આ કામે ફરીયાદીએ મરણજનારને જે લાકડાથી ઈજા કરવામાં આવેલી છે તે લાકડા સંદર્ભે એવી વિગત જણાવેલ છે કે, "મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ કે જે સીલબંધ હાલતમાં છે તે સાલ કોર્ટ રૂબરૂ તોડી, ખોલી બતાવતા તેમાંથી એક લાકડું નીકળેલું છે તે જોઈને જણાવું છું કે, મારી માતાને આ લાકડાથી મારવામાં આવેલ તે તેજ છે." આમ, **મરણજનારને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળા લાકડાથી મારવામાં આવેલ છે તે રીતે ફરીયાદીએ આ લાકડાને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. ઉલટ તપાસમાં આ લાકડાથી મરણજનારને ઈજા કરવામાં આવેલી છે તે રીતે કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી**. આ સિવાય **ડો.મનન મનોજકુમાર આસોડીયાનાઓની આંક–૨૭ થી સોગંદ ઉપરની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો તેઓએ પેરા–૧૪ માં એવું સ્પષ્ટ જણાવેલું છે કે, "મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળું લાકડું બતાવવામાં આવેલું છે જે જોઈને જણાવું છું કે, મારા મત પ્રમાણે મરણજનારને થયેલી ઈજા આવા હથીયારથી થઈ શકે તેવા પ્રકારની છે**.". આમ, મુદ્દામાલ આર્ટીકલ નં.૩ થી મરણજનારને જે ઈજા થયેલી છે તેવી ઈજાની સંભાવના પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટરે જણાવેલી છે અને ફરીયાદી કે જે બનાવના નજરે જોનાર સાહેદ છે તેઓ આરોપી નં.૧ કમલેશભાઈનાઓએ મરણજનારને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળા લાકડાથી માથાના ભાગે પાછળ ઈજા કરેલાનું જોયેલું છે તે વિગત અદાલતમાં સોગંદ ઉપર જણાવેલી છે અને તે સમગ્ર જુબાનીની વિગત જોતા વ્યાજબી અને માની શકાય તેવી છે.

જેથી, **ફરીયાદીની સમગ્ર જુબાનીના આધારે એવું શંકા રહીત સાબીત થાય છે કે, આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયાનાઓએ મજૂરીના બાકી નીકળતા પૈસા લેવા માટે મુકેશભાઈ પાસે ગયેલા અને ત્યાં તે જ સમયે આરોપી નં.૨ નાઓએ મુકેશભાઈ સાથે બોલાચાલી કરેલી, ઝઘડો કરેલો અને ગાળો બોલાલા અને ધમકી આપેલી તે સમયે આરોપી નં.૧ કમલેશભાઈનાઓએ આરોપી નં.૨ રાજુભાઈનું ઉપરાણું લઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને ગાળો બોલેલા અને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળા લાકડાથી મરણજનારને માથાના પાછળના ભાગે લાકડાથી ઈજા કરીને મરણજનારનું મોત નીપજાવેલ છે.**

(૧૯) આ કામે સાહેદ પારધી મુકેશભાઇ રંગજીભાઇનાઓને આંક–૨૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ સાહેદની સરતપાસની વિગત ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો બનાવ સંદર્ભે કેટલા માણસો હાજર હતા તથા બનાવ કેવી રીતે, કયા સંજોગોમાં બનેલો તે બાબતે આ સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલી છે કે,

" (૨) બનાવ તા.૧/૪/૨૦૨૪ના રોજ બનેલો. તે વખતે હું હસનાપુરા ગામ ઘંઉ કાપવા સારૂ અમો ૧૪ માણસો આવેલા જેમાં હુ, મારી પત્ની, મારી બે દિકરી, મારો ભાણો સુભાષભાઇ, મારી બેન લલીબેન, સુભાષભાઇની પત્ની, મહેશભાઈ, મહેશભાઇના પત્ની, મહેશભાઇના ભાઈ, ગુણવંતભાઈ, રાજુ બાબુભાઇ બારીયા તથા તેમની પત્ની અને તેનો દિકરો અને તેના સાળાનો દિકરો તે રીતના અમો બધા ભરતભાઈ બેચરભાઈ પટેલના કુવા ઉપર ઘઉં કાપવા સારુ આવેલા હતા. અમો બધા ભરતભાઈના ખેતરમાં ઘઉંની કાપણી કર્યા બાદ ગામમાં અલગ અલગ જગ્યાએ ઘઉંની કાપણી કરતાં હતા અને કાપણી કરી મજુરી કરતાં હતા.
(૩) **તા.૧/૩/૨૦૨૪ના રોજ ઘઉંની કાપણીનું કામ પુરૂ થયેલ હતુ અને અમો બધા બે દિવસ બાદ ઘરે જવાના હતા.** તે દિવસે રાત્રીના અમો જમી પરવાળીને બેઠા હતા અને આશરે સાડા આઠથી પોણા નવના ગાળામાં અમો બેઠા હતા તે વખતે કમલેશ અને રાજુ બાબુ ગામમાં ગયેલા અને **ગામમાંથી આવીને રાજુ બાબુએ મને જણાવેલ કે**

**મજુરીના પૈસા આપો. જેથી મે કહેલ કે અત્યારે પૈસા નથી, સવારે હું મજુરીના પૈસા આપીશ. જેથી રાજુ બાબુએ અમોને ગાળો બોલવા લાગેલો અને કહેલ કે પૈસા આપી દો અને તે સમયે કમલેશે આવીને કહેલ કે મારા મિત્રના પૈસા આપી દો નહીતર જાનથી મારી નાખીશ. તે સમયે મારી બેન લલીબેને જણાવેલ કે અત્યારે તમારે જવાનું નથી તો કાલે સવારે તમને પૈસા મળી જશે. તે સમયે કમલેશે લાકડું લઈને મારી બેન લલીબેનને માથામાં પાછળના ભાગે ફટકો મારેલો જેથી મારી બેન લલીબેન નીચે પડી ગયેલા અને હું છોડાવવા વચ્ચે પડતાં કમલેશે મને પણ બરડામાં પાછળના ભાગે લાકડુ મારેલુ. તે સમયે લલીબેનને માથામાંથી ખુબ લોહી નીકળતુ હતુ** અને કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતાં ૧૦૮ આવી ગયેલ અને અમો લલીબેનને ૧૦૮મ એમ્બ્યુલન્સમાં સીવીલ હોસ્પીટલ વિજાપુર ખાતે લઈ ગયેલા. તે વખતે હું, મારો ભાણો સુભાષ તેની પત્ની અને સતીષભાઈ હતા. **ડોકટરે તપાસ કરી અમોને જણાવેલ કે લલીબેન મરણ ગયેલ છે**. જેથી લલીબેનની લાશનું પી.એમ. કર્યાબાદ અમારા વતનમાં તેમને લઈ ગયેલા. **સદર બનાવ રાજુ બાબુએ તેની મજુરીના પૈસા માંગેલા અને તે વખતે મારા મિત્રના પૈસા આપી દે તે જણાવી કમલેશે મારી બેન લલીબેનને માથામાં લાકડાનો ફટકો મારતાં તેઓને ગંભીર ઈજા કરતાં તેઓ મરણ ગયેલા.**

(૪) બનાવ બાબતે પોલીસે મારુ નિવેદન લીધેલ.

(૫) **હું આરોપીઓને ઓળખુ છુ તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે. તેમ જણાવી સાહેદ એક ઈસમને કોર્ટ રુબરુ રાજુ બાબુ તરીકે ઓળખી બતાવે છે તે ઈસમને કોર્ટ રુબરુ પુછતાં આરોપી પોતે પોતાનું રાજુ બાબુ બારીયા હોવાનું જણાવે છે. સાહેદ બીજા એક ઈસમને કોર્ટ રુબરુ કમલેશ તરીકે ઓળખી બતાવે છે તે ઈસમને કોર્ટ રુબરુ પુછતાં આરોપી પોતે પોતાનું કમલેશ કાંતિલાલ ગરાસીયા હોવાનું જણાવે છે**.

(૬) મારી મરણજનાર જે લાકડાથી મારવામાં આવેલ અને મને પણ જે લાકડાથી મારવામાં આવેલ તે મને બતાવવામાં આવે તો હું ઓળખી શકુ તેમ છુ. **મને મુદામાલ આર્ટીકલ નં.૩ વાળુ લાકડું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તે જ લાકડુ છે, આ લાકડાથી મારી મરણજનાર બેન લલીબેનને માથામાં પાછળના ભાગે કમલેશભાઈએ મારેલુ અને મને પણ બરડાના ભાગે મારેલું**."

આમ, સાહેદના જણાવ્યા અનુસાર બનાવ જે રીતે બનેલો છે અને આરોપીની ઓળખ સાહેદે કોર્ટ રૂબરૂ કરેલી છે તે વિગતોની સામે આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં

આવેલી છે. તે ઉલટતપાસમાં મહત્વની એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે, " એ વાત ખરી છે કે, ફરીયાદી સુરેશભાઇ મારો ભાણો થાય છે. એ વાત ખરી છે કે, મરણજનાર લલીબેન મારી બેન થાય છે. **એ વાત ખરી છે કે, અમે હસનાપુર ખાતે કુલ ૧૪ માણસો આવેલા તે પહેલા સાદરા મુકામે મજુરી કામે ગયેલ હતા. એ વાત ખરી છે કે, હસનાપુર ખાતે મજુરી માટે આવેલા તેમાં મુકર્દમે તરીકે હું હતો**." આમ, **ફરીયાદપક્ષ જે મુકેશભાઈ પાસે આરોપી નં.૨ નાઓ મજુરીના નાણાંની માંગણી કરતા હોવાનો કેસ રજુ કરી રહેલા છે તે મુકાશભાઈનાઓ આ સાહેદ છે**. વધુમાં મરણજનાર હાલના સાહેદની બહેન છે તેમજ ફરીયાદી હાલના સાહેદનો ભાણો થાય છે. આમ, આ સાહેદ બનાવમાં મરણજનારની સાથે અને ફરીયાદીની સાથે નજીકના સંબંધથી જોડાયેલા છે તેવું રેકર્ડ ઉપર લાવવામાં આવેલુ છે પરંતુ આ સાહેદ બનાવમાં ઈજા પામનાર વ્યક્તિ પણ છે અને તે બાબતે સાહેદે સરતપાસમાં એવું જણાવેલુ છે કે, " મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળું લાકડુ બતાવવામાં આવે છે તે જાઈને હું કહુ છું કે, આ તે જ લાકડુ છે, આ લાકડાથી મારી મરણજનાર બેન લલીબેનને માથામાં પાછળના ભાગે કમલેશભાઈએ મારેલુ અને મને પણ બરડાના ભાગે મારેલું.". આમ, **મુદ્દામાલ આર્ટીકલ નં.૩ વાળા લાકડાથી મરણજનારને ઈજા કરવામાં આવેલી છે તે લાકડાથી હાલના સાહેદને પણ ઈજા કરવામાં આવેલી છે. જેથી આ બનાવમાં આ સાહેદ ઈજા પામનાર વ્યક્તિ તરીકે પણ છે. જેથી સાહેદની જુબાનીનું મહત્વ વધી જાય છે તેમ માનું છું**.

વધુમાં, **હાલના સાહેદને આરોપી નં.૧ અને આરોપી નં.૨ સાથે કોઈ દુશ્મનાવટ કે અદાવત ચાલતી આવેલી હોય તે રીતે કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી કે તેવો બચાવપક્ષનો કોઈ બચાવ નથી. જેથી હાલના સાહેદને ખોટુ બોલવા માટેનું કોઈ કારણ હોય તેવું જણાતુ નથી**. વધુમાં, **આ સાહેદ મુકર્દમ તરીકે કામ કરતા હતા અને તેથી સાહેદની સરતપાસની વિગતો અને ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલી વિગતો અનુસાર મુકર્દમે તરીકે ખેતર જોવાની**

કામગીરી અને ત્યારબાદ મજુરી નક્કી કરવાની કામગીરી કરવાની અને પોતાની સાથેના માણસોને મજુરી કામ માટે લઈ જઈ કામ કરાવી અને ત્યારબાદ છેલ્લે હિસાબ કરવાનો હોય છે અને સાહેદ તેમાં પણ પોતે મજુરી કરતા હોય છે. આવા સંજોગોમાં આ તમામ કામગીરીની વિગતો જોતા સ્વાભાવિક રીતે વ્યક્તિના દિવસો, વ્યક્તિએ કરેલી કામગીરી અને ઉપાડમાં લીધેલી વિગતોને ધ્યાને લઈ તેમજ જો દુકાનમા ખાતુ પડાવવામા આવે તો તે દુકાનમાં કોઇ રકમ ચુકવવાની બાકી હોય તો તે તમામ બાબતો ધ્યાને લઈને હિસાબ કરવો પડે.

વધુમાં આરોપીના વિ.વ.શ્રી બીજી મહત્વની એવી હકીકત ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવેલા છે કે, " એ વાત ખરી છે કે, હસનાપુર મુકામે મજુરી માટે માણસો આવેલા તેમાં કરીયાણાનો સામાન લાવવા માટે મારે પૈસા આપવાના હતા. એ વાત ખરી છે કે, આ કરીયાણાના સામાન લાવવા સિવાય બીજી કોઈ વ્યક્તિને પૈસાની જરૂર પડે તો ઉપાડ તરીકે મારે પૈસા આપવાના હોય છે.".

આમ, આ સાદેહ જે મુકર્દમ તરીકે હસનાપુર ખાતે કામ કરતા હતા તેમાં મજુરોને ઉપાડની રકમ આપેલાની તેમજ અનાજ કરીયાણું લાવવા માટે રકમ આપેલાની જે વિગત જણાવે છે તે વિગતો ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે. જેથી તે વિગતને ધ્યાને લેતા સ્વાભાવિક રીતે મુકર્દમને સંપૂર્ણ હિસાબ કર્યા બાદ કયા મજુરને કેટલી રકમ આપવાપાત્ર થાય છે તે હિસાબના અંતે નક્કી કરીને જ બાકી રકમ ચુકવવી પડે. જેથી આ કેસમાં હિસાબ કરવાનો બાકી હોવાની જે વિગત જણાવવામાં આવેલી છે તે વ્યાજબી અને વ્યવહારના સામાન્ય ક્રમની બાબતવાળી હકીકત છે. આ કિસ્સામાં સદરહુ સાહેદની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો તેમાં કોઈપણ જગ્યાએ મજુરોનો સંપૂર્ણ હિસાબ હસનાપુરની મજુરી સંદર્ભે થઈ ગયેલો હોય અને આરોપી નં.૨ નાઓને કોઈ ચેક્કસ રકમ ચુકવવાની હિસાબમાં નીકળેલી અને તે ચોક્કસ રકમની માંગણી વારંવાર અગાઉ આરોપી નં.૨ નાઓ કરતા હોય અને આ સાહેદે આપેલી ન હોય તેવું સાહેદની

**જુબાનીમાં કે ફરીયાદપક્ષના પુરાવામાં ક્યાંય રેકર્ડ ઉપર લાવવામાં આવેલું નથી**. જેથી **ફરીયાદપક્ષના કેસ મુજબ હિસાબ બાકી હોવાની વિગત રજુ કરવામાં આવેલી છે તે વ્યવહારના સામાન્ય ક્રમની વ્યાજબી હકીકત છે અને સાહેદની જુબાનીના આધારે હસનાપુર ખાતેની મજુરીનો હિસાબ બાકી હતો તેવી વિગતને એકંદર હકીકતે વ્યાજબી સમર્થન મળતું હોવાથી તે હકીકત સાબીત થાય છે તેમ માનું છું**.

વધુમાં, સદરહુ સાહેદની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો બધા રાત્રીના જમી પરવારીને રાત્રીના આશરે સાડા આઠથી પોણા નવ વાગ્યાના અરસામાં બેઠેલા હતા તે અરસામાં આરોપી નં.૧ કમલેશભાઈ તથા આરોપી નં.૨ રાજુભાઈનાઓ સાહેદ પાસે આવેલા અને મજુરીના પૈસાની માંગણી કરેલી અને તે સમયે મરણજનાર લલીબેને આરોપીને જણાવેલ કે અત્યારે તમારે જવાનું નથી તો કાલે સવારે તમને પૈસા મળી જશે તે રીતે જે વિગત જણાવેલી છે તે હિસાબ કિતાબ બાકી હોવાની વિગતને ધ્યાને લઈને જણાવેલી વિગત છે. વધુમાં આ સાહેદે આરોપી નં.૨નાઓએ આ સાહેદને ગાળો આપેલી અને તે સમયે આરોપી નં.૧ નાઓ મારા મિત્રને પૈસા આપી દો નહીંતર જાનથી મારી નાખીશ તે રીતે ધમકી આપેલી અને આરોપી નં.૧ નાઓએ લાકડું મરણજનાર લલીબેનને માથાના પાછળના ભાગે ફટકો મારેલો અને લલીબેન નીચે પડી ગયેલ અને તે સમયે આ સાહેદ છોડાવવા વચ્ચે પડેલા તે સમયે આરોપી નં.૧ કમલેશભાઈનાઓએ પણ આ સાહેદને બરડાના પાછળના ભાગે લાકડું મારેલું તે રીતની વિગતને સાહેદની જુબાનીના આધારે પણ વ્યાજબી સમર્થન મળે છે તેમ માનું છું. વધુમાં આરોપી નં.૧ અને આરોપી નં.૨ ને કોર્ટ રૂબરૂ નામજોગ ઓળખી બતાવેલા છે તેમાં મુદ્દામાલ આર્ટીકલ નં.૩ લાકડાને મરણજનારને જે લાકડાથી ઈજા કરવામાં આવેલી અને સાહેદને જે લાકડાથી ઈજા કરવામાં આવેલી તે આ જ લાકડુ છે તે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલું છે.

વધુમાં, **આ સાહેદની સમગ્ર જુબાની દરમ્યાન આ સાહેદે**

આરોપી નં.૧ કે આરોપી નં.૨ નાઓને કે આરોપી નં.૧ અને ૨ નાઓને ઉશ્કેરાટ માટે કોઈ કારણ આપેલું હોય અને તેના કારણે આરોપી નં.૧ અને ૨ નાઓ ઉશ્કેરાઈ ગયેલા હોય તેવી કોઈ વિગત સમગ્ર જુબાનીમાં રેકર્ડ ઉપર આવેલી નથી. આમ, ફરીયાદપક્ષના આ સાહેદ દ્વારા બનાવ સમયે કોઈ ઉશ્કેરાટનું કારણ આપવામાં આવેલુ નથી કે ઉશ્કેરણી આરોપી નં.૧ કે આરોપી નં.૨ નાઓએ કરેલી નથી. જેથી આ બનાવ અચાનક ઉશ્કેરાટમાં આવીને બનેલો હોય તેવો નથી તે રીતની વિગત આ સાહેદની જુબાનીના આધારે સાબીત થાય છે તેમ માનું છું.

આવા સંજોગોમાં ઉપરોક્ત ચર્ચાની વિગતો ધ્યાને લેતા હાલના સાહેદ મુકેશભાઈનાઓને હસનાપુર ખાતે મજુરોએ કરેલી મજુરી સંદર્ભે હિસાબ કરવાનો બાકી હતો, આરોપી નં.૨ રાજુભાઈ સાથે હિસાબ કરવાનો બાકી હતો અને રાજુભાઈ બનાવ સમયે હિસાબના પૈસાની માંગણી કરતા હતા અને તે સમયે આરોપી નં.૨ રાજુભાઈનાઓ ગમે તેમ બોલી ગાળો બોલવા લાગેલા અને તે સમયે આરોપી નં.૧ નાઓએ સાહેદને પૈસા આપી દો નહીંતર જાનથી મારી નાખીશ તે રીતે ધમકી આપેલી અને ત્યાં નજીકમાં પડેલું લાકડું લઈને આરોપી નં.૧ કમલેશે મરણજનાર લલીબેનને માથાના પાછળના ભાગે લાકડાથી ફટકો મારેલો અને આ મરણજનાર લલીબેન પડી જતા સાહેદ છોડાવવા માટે વચ્ચે પડતા આરોપી નં.૧ કમલેશભાઈનાઓએ હાલના સાહેદને પીઠના ભાગે તે જ લાકડું મારેલુ અને લલીબેનને માથાના ભાગે ઈજા થયેલી અને લલીબેનને દવાખાનામાં સારવાર માટે લઈ જતા ડોક્ટરે મરણ ગયેલ હોવાની વિગત જાહેર કરેલી તે વિગતો સાહેદની જુબાનીના આધારે પણ વ્યાજબી રીતે સાબીત થાય છે તેમ માનું છું .

(૨૦) આ કામે ડો.મનન મનોજકુમાર આસોડીયાનાઓમે આંક–૨૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૨૮ થી અસલ પી.એમ. નોટ અને આંક–૨૯ થી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ રજુ થયેલ છે. સદરહુ ડોક્ટની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી

મુલ્યાંકન કરવામાં આવે તો તા.૦૧/૦૪/૨૦૨૪ નારોજ સી.એચ. સી., વિજાપુર ખાતે પોતાની ફરજ ઉપર હાજર હતા અને તા.૦૨/ ૦૪/૨૦૨૪ ના રોજ સવારના નવેક વાગ્યે ઈન્કવેસ્ટ પંચનામાં સાથે એક લાશ પી.એમ. કરવા માટે મોકલવામાં આવેલા અને તે લાશ લલીબેન રાકેશભાઈ ભાભોર રહે.દાહોદવાળાની લાશ હોવાનું જણાવવામાં આવેલુ અને તે લાશનું પેનલ ડોક્ટર નરેશ એમ.ચૌહાણની સાથે રહીને સાહેદે પી.એમ. કરેલું અને તે પી.એમ. દરમ્યાન જે કોઈ વિગતો જોવા મળેલી તે તમામ વિગતો આંક-૨૮ વાળી પી.એમ. નોટમાં લખેલી છે.

વધુમાં, આ કેસમાં મરણજનારને માથાના ભાગે લાકડાથી ઈજા કરવામાં આવેલી તે રીતની વિગત ફરીયાદપક્ષ દ્વારા પોતાના કેસમાં રજુ કરવામાં આવેલી છે. આ ડોક્ટરે મરણજનારની લાશનું પી.એમ. કરેલું છે અને તેના **કોલમ નં.૧૭ માં મરણજનારનો માથામાં ડાબી બાજુએ કાનથી ૧૫ સે.મી. ઉપરના ભાગે માથામાં ખોપરીના હાડકાં સુધીની ઈજા જોવા મળેલી અને તેમાં હાડકાંનું ફ્રેક્ચર પણ જોવા મળેલું હતું અને હેમરેજ મગજની બધી બાજુ અને તેના બેઝમાં જોવા મળેલું હતું**. આમ, **મરણજનારને માથાના ભાગે જે ઈજા થયેલી હતી તે મરણજનારના મૃત્યુ માટે જીવલેણ ઈજા હતી**. વધુમાં, આ ઈજા મૃત્યુ પહેલાની કે મૃત્યુ પછીની હતી તે સંદર્ભે આ સાહેદે પોતાની જુબાનીમાં એવું સ્પષ્ટ જણાવેલ છે કે, " **કોલમ નં.૧૭ ની ઈજા મૃત્યુ પહેલાં થયેલી હતી**.". આમ, **આ આંક-૨૮ વાળી પી.એમ.નોટના કોલમ નં.૧૭ વાળી ઈજા કે જેના કારણે મરણજનારનુ મૃત્યુ થયેલુ છે ઈજા એન્ટી મોર્ટમ એટલે કે, મૃત્યુ પહેલાની ઈજા હતી અને તે જ ઈજાના કારણે મરણજનારનું મૃત્યુ થયેલું છે તેવું સાહેદની જુબાનીના આધારે સ્પષ્ટ થાય છે તેમ માનું છું**.

વધુમાં, **મરણજનારને અકસ્માતે પડી જવાથી ઈજા થવાથી મૃત્યુ થઈ શકે કે કેમ? તે મુદ્દા ઉપર આ પી.એમ.કરનાર ડોક્ટરે એવું સ્પષ્ટ જણાવેલું છે કે," જો મને એવું પુછવામાં આવતુ હોય કે, કોઈ**

**વ્યક્તિને ફોર્સથી ધક્કો વાગે અને પથ્થર ઉપર પડે તો આ મરણજનારને જે ઈજા થયેલી છે તેવી ઈજા થઈ શકે તો હુ જણાવુ છું કે, આટલી મોટી ઈજા થઈ શકે નહી**.". આમ, મરણજનારને ધક્કો વાગેલો હોય અને પડી જવાથી માથાના ભાગે પથ્થર વાગવાથી કોઈ ઈજા થયેલી હોય તે રીતની સંભાવનાના અસ્તિત્વનો આ પી.એમ. કરનાર ડોક્ટરે સ્પષ્ટ ઈન્કાર કરેલો છે. આમ, **મરણજનારને માથાના ભાગે જે ઈજા થયેલી છે તે પડી જવાથી થયેલી ઈજા નથી તેવું આ પી.એમ. કરનાર ડોક્ટરની જુબાનીના આધારે સાબીત થાય છે તેમ માનું છું . આવા સંજોગોમા સદરહુ ડોક્ટરની જુબાનીના આધારે એ હકીકત સાબીત થાય છે કે, મરણજનારનું મૃત્યુ માથાના પાછળના ભાગે ઈજા થવાથી થયેલું છે**.

(૨૧) આ કામે સાહેદ આમણીયાર ગુણવંતભાઈ કલસીંગભાઈ નાઓને આંક-૩૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ સાહેદની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો આ સાહેદ બનાવ સમયે હાજર રહેલા અને બનાવના નજરેજોનાર સાહેદો પૈકીના એક સાહેદ છે. સદરહુ સાહેદની સરતપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો સાહેદે પોતાની સરતપાસમાં બનાવ સંદર્ભે એવી વિગત જાહેર કરેલી છે કે,

> "(૩) અમો સાગળાપાડા ગામ અને માંરગળાના બંને ગામના આશરે ચૌદ લોકો હસનાપુર મુકામે ઘંઉની કાપણી કરવા સારૂ અમારા મુકર્દમ મુકેશભાઈની સાથે આવેલ હતા. **આ ૧૪ લોકોમાં સુભાષભાઈ, તેની પત્ની, તેમની મમ્મી, તેમની એક દિકરી તથા સાગડાપાડાના મુકેશભાઈ, તેમની પત્ની અને તેમની બે દિકરી તથા રાજુભાઈ અને તેમના પત્ની, મહેશભાઈ તથા તેમની પત્ની, તથા મહેશભાઈનો ભાઈ આવેલા**. અમો ઘંઉની કાપણી કરવાની મજુરી ગામમાં અલગ અલગ જગ્યાએ કરવાની હતી.
> (૪) **તા.૧/૪/૨૦૨૪ના રોજ રાત્રે આઠ વાગ્યે અમારુ જમવાનું પતી ગયેલ હતુ અને આશરે નવ વાગ્યા સુમારે રાજુભાઈ તથા કમલેશભાઈ મુકેશભાઈની પાસે આવેલા. રાજુભાઈએ મુકેશભાઈને જણાવેલ કે મારી મજુરીના પૈસા આપી દો ત્યારે મુકેશભાઈએ જણાવેલ કે સવારે પૈસાનો**

**હિસાબ કરીને પૈસા આપી દઈશું. જેથી રાજુભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલા. જેથી મુકેશભાઈ અને લલીબેન ગાળો બોલવાની ના પાડતાં હતા. ત્યારે કમલેશ કાંતિભાઈ ગરાશીયા એકદમ ઉશ્કેરાઈ જઈ જણાવેલ કે મારા મિત્ર રાજુભાઈના પૈસા આપી દો. નહીતર તમો બધાને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતાં હતા. તેઓ ગાળો બોલતાં હતા જેથી લલીબેન તથા મુકેશભાઈ ગાળો બોલવાની ના પાડતાં હતા જેથી કમલેશભાઈ ઉશ્કેરાઈ જઈ નજીકમાંથી લાકડું પડેલ હતુ તે લઈને લલીબેનના માથાના ભાગે ફટકો મારેલો. જેથી લલીબેન નીચે ઢળી પડેલ હતા. અને આ કમલેશે મુકેશભાઈના બરડાના ભાગે લાકડાનો ફટકો મારેલો.** જેથી મુકેશભાઈ બુમાબુમ કરતાં બીજા મજુરો ભેગા થઈ ગયેલા અને છોડાવવા વચ્ચે પડેલા. **લલીબેનના માથામાંથી લોહી નીકળતુ હતુ અને આ બંને જણા ત્યાંથી ભાગી ગયેલા.** ત્યાં કોઈએ ૧૦૮ને ફોન કરતાં ૧૦૮વાળા આવી જતાં લલીબેનના માથામાંથી લોહી નીકળતુ હતુ જેથી **લલીબેનનો દિકરો સુભાષભાઈ તથા મુકર્દમ મુકેશભાઈ તેઓને ૧૦૮માં વિજાપુર સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા. ડોકટરે તપાસ કરીને જણાવેલ કે લલીબેન મરણ ગયેલ છે તેવું જણાવેલ.** આ બનાવ રાજુભાઈએ મુકેશભાઈ પાસે પૈસાની ઉઘરાણી કરતાં ઝઘડો થતાં જેનું ઉપરાણું લઈ કમલેશભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ લલીબેનના માથામાં લાકડું મારતાં લલીબેનનું મરણ થયેલ હતુ. બનાવ બાબતે પોલીસે મારુ નિવેદન લીધેલું.

(૫) **મને મુદામાલ આર્ટીકલ નં.૩ લાકડુ બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ કે આ લાકડું કમલેશભાઈના હાથમાં હતુ અને તેમણે લલીબેનને મારેલ હતુ તે જ લાકડું છે.**

(૬) **આરોપીઓને હું ઓળખુ છુ. તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે. તેમ જણાવી સાહેદ એક ઈસમને રાજુભાઈ તરીકે ઓળખી બતાવે છે તે ઈસમને કોર્ટ રુબરુ પુછતાં આરોપી પોતે પોતાનું નામ રાજુભાઈ બાબુભાઈ બારીયા હોવાનું જણાવે છે.**

**સાહેદ બીજા એક ઈસમને કમલેશભાઈ તરીકે ઓળખી બતાવે છે તે ઈસમને કોર્ટ રુબરુ પુછતાં આરોપી પોતે પોતાનું નામ કમલેશભાઈ કાંતિભાઈ ગરાસીયા હોવાનું જણાવે છે.**"

આમ, સાહેદે બનાવ સંદર્ભે આ જે વિગત જણાવેલી છે તે વિગતની સામે આરોપી તરફે વિ.વ.શ્રી દ્બારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલી છે. જેમાં આ સાહેદે ઉલટતપાસમાં એવું કબુલ કરેલું છે કે,

" **એ વાત ખરી છે કે, અમે જે જગ્યાએ રાકાયેલ તે ખેતર ભરતભાઈ બેચરભાઈ પટેલનું હતું. હું હસનાપુર મુકામે પ્રથમ વખત આવેલો. એ વાત ખરી છે કે, ઘઉ કાપવાના કામમાં મુકર્દમ તરીકે મુકેશભાઈ હતા. એ વાત ખરી છે કે, અમારુ બધું હિસાબ–કિતાબ મુકેશભાઈ પાસે હોય છે. એ વાત ખરી છે કે, અમારે ગામમાં કરીયાણું એક જ જગ્યાએ લેવાનું નક્કી થયેલું એ વાત ખરી છે કે, કરીયાણાની દુકાનમાં કુટુંબદીઠ એક વ્યક્તિનું નામ લખાવી ત્યાંથી કરીયાણું લેવાનું હતુ.**"

આમ, આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો આ કામમાં મુકેશભાઈ મુકર્દમે તરીકે હતા તે રીતે ફરીયાદીએ જે વિગત જણાવેલી છે તે જ હકીકતને આ સાહેદ સીધું સમર્થન આપે છે.

વધુમાં, મુકર્દમ તરીકે મુકેશભાઈ તમામ હિસાબ કિતાબ રાખતા હતા તે રીતની વિગત પણ આ સાહેદ જણાવે છે. જેથી સાહેદે જણાવેલી આ હકીકતને નહી માનવા માટેનુ કોઈ કારણ રહેતું નથી.

વધુમાં, **આ તમામ વ્યક્તિઓ હસનાપુર ખાતે ક્યાં રહેતી હતી તો ઉલટતપાસમાં આરોપી નં.૨ ના વિ.વ.શ્રી દ્વારા એવી વિગત રેકર્ડ ઉપર લાવેલા છે કે, "આ બોર ઉપર ચાર ચૂલા હતા. મારો ચૂલો લલીબેન જેમનું મરણ થયેલ છે તેઓની સાથે હતો. એ વાત ખરી છે કે, તે દિવસે દરેક ચૂલાવાળા પોતપોતાના ચૂલા પાસે બેસીને ઠંડી હોવાથી તાપણું કરતા હતા.**". આમ, બોર પાસેની જે જગ્યા આવેલી છે ત્યાં આ તમામ માણસો હસનાપુર ખાતે સાથે રહેતા હતા તે રીતની વિગતને સદરહુ સાહેદની જુબાનીના આધારે સમર્થન મળે છે તેમ માનું છું.

વધુમાં, **સદરહુ બનાવ સંદર્ભે મજુરોમાં આરોપી નં.૧ કમલેશભાઈનાઓ હતા કે કેમ? તે સંદર્ભે ઉલટતપાસમાં એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે, "એ વાત ખરી છે કે, અમે મજુરી કરવા માટે જે માણસો આવેલા તેમાં આ કમલેશભાઈ કાંતિભાઈ ન હતા. એ વાત ખરી છે કે, આ કમલેશભાઈ અમે જયાં મજુરી કરવા જતા હતા ત્યાં મજુરી માટે સાથે આવતા ન હતા. એ વાત ખરી છે કે, આ કમલેશભાઈ કાંતિભાઈનાઓ રાજસ્થાનના હતા. એ વાત ખરી છે કે,**

આ કમલેશભાઈ કાંતીભાઈનાઓ પટેલ ભરતભાઈ બેચરભાઈને ત્યાં ભાગીયા તરીકે હતા.". આમ, આરોપી નં.૧ પટેલ ભરતભાઈ બેચરભાઈની જમીનમાં ભાગીયા હતા. જયારે આરોપી નં.૨ રાજુભાઈનાઓ હસ્નાપુર ખાતે જે મજુરો કામ કરવા આવેલા તે પૈકીના એક મજુર હતા તેવુ જણાવેલ છે અને તે સાહેદ તેમની સરતપાસમાં તથા ઉલટતપાસમાં આ હકીકત એકસરખી જણાવે છે અને તેમાં કોઈ તફાવત આવતો નથી જેથી સાહેદની આ હકીકતને હુ માનુ છું.

આવા સંજોગોમાં આરોપી નં.૧ કમલેશભાઈનાઓ આ મજુરો પૈકીના મજુર ન હતા તેથી આ કમલેશભાઈનાઓએ મુકેશભાઈ પાસેથી મજુરીની કોઈ રકમ લેવાની થતી નથી તેવુ અદાલતે માનવુ જ પડે. વધુમાં, આ બનાવ સંદર્ભે ઉલટતપાસમાં આરોપી નં.૧ ના વિ.વ.શ્રી એની વિગત રેકર્ડ ઉપર લાવેલ છે કે, "જો મને એવુ પુછવામાં આવતુ હોય કે, કમલેશભાઈ અને મુકેશભાઈનાઓને પૈસાની લેવડ-દેવડ બાબતે કોઈ તકરાર થયેલી નહી તો હુ જણાવુ છુ કે, કમલેશભાઈનાઓએ રાજુભાઈનું ઉપરાણું લઈને આવેલા હતા.". આમ, ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલી આ હકીકતને સરતપાસની વિગત અને ફરીયાદ પક્ષના કેસની વિગતની સાથે ધ્યાને લેવામાં આવે તો મરણજનારે કે મુકેશભાઈએ કે ફરીયાદીએ આ કમલેશભાઈનાઓને ઉશ્કેરાટ માટેનું કોઈ કારણ આપેલું નથી કે આરોપી નં.૧ કમલેશભાઈ સાથે પ્રથમ કોઈ બોલાચાલી કે તકરાર થયેલી નથી પરંતુ આ કમલેશભાઈનાઓએ આરોપી નં.૨ રાજુભાઈનાઓનું ઉપરાણું લઈને આવેલ હતા. જેથી આરોપી નં.૧ કમલેશભાઈનાઓ અને આરોપી નં.૨ રાજુભાઈનાઓ બનાવ સમયે ગુના બનાવવાળી જગ્યાએ હાજર હતા તે રીતની વિગત આરોપીના વિ.વ.શ્રી ઉલટ તપાસમાં રેકર્ડ ઉપર લાવેલા છે. આવા સંજોગોમાં સદરહુ સાહેદની જુબાનીની આ વિગતોને ધ્યાને લેતા બનાવ સમયે આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ તથા આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓ ગુના બનાવવાળી જગ્યાએ ગુનાબનાવ સમયે સાથે હાજર

હતા તેવી વિગતને સાહેદની જુબાનીના આધારે પણ શંકા રહીત સમર્થન મળતું હોવાથી તે હકીકત સાહેદની જુબાનીના આધારે પણ સાબીત થાય છે તેમ માનું છું.

વધુમાં, આ કામે મરણજનારને કયા સંજોગોમાં ઈજા થયેલી તે બાબતે આ સાહેદે ઉલટ તપાસમાં એવું જણાવેલું છે કે, "એ વાત ખરી નથી કે, મુકેશભાઈના રાજુભાઈને મારવા જતા હતા તેમાં ભૂલથી લલીબેન વચ્ચે આવતા લલીબેનને વાગી ગયેલું.". આમ, મુકેશભાઈ લાકડી લઈને લલીબેનને મારવા જતા હતા તે બાબતનો સ્પષ્ટ ઈન્કાર કરેલો છે. આમ, બનાવ સમયે આરોપી નં.૧ કમલેશભાઈનાઓ સિવાય બીજી કોઈ વ્યક્તિ લાકડીથી મારવા જતી હોય તે રીતની વિગતનો સાહેદ સ્પષ્ટ ઈન્કાર કરે છે. વધુમાં મરણજનારને અન્ય કોઈ વ્યક્તિને મારવા જતા ઈજા થયેલી હોય તે બાબતનો પણ સાહેદે સ્પષ્ટ ઈન્કાર કરેલો છે. આમ, મરણજનારને આરોપી નં.૧ કમલેશભાઈનાઓએ લાકડીથી માથાના પાછળના ભાગે જે ઈજા કરેલી છે તે ઈજા ઈરાદાપૂર્વક સભાન અવસ્થામાં કરેલી છે તેવી વિગતને સાહેદની જુબાનીના આધારે સીધું શંકા રહીત સમર્થન મળે છે તેમ માનું છું.

વધુમાં, આ કામે સાહેદે પોતાની સરતપાસમાં આરોપી નં.૨ નાઓ મુકેશભાઈ પાસે મજૂરીના પૈસા માંગેલા અને મુકેશભાઈએ સવારે પૈસાનો હિસાબ કરી પૈસા આપી દઈશ તે રીતની વિગત જણાવેલી છે. આ વ્યવહારની સામન્ય ક્રમની બાબત છે તે અગાઉ વિગતવારની ચર્ચા કરવામાં આવી તે મુજબ સંપૂર્ણ હિસાબ કરવો જરૂરી બને છે અને તે હિસાબ બાકી હતો તેથી મુકેશભાઈએ રાત્રીના કોઈ પૈસા આપેલા નથી જેથી તેના કારણે આરોપી નં.૧ કે આરોપી નં.૨ નાઓને ઉશ્કેરાટ માટેનું કારણ મળતું નથી. વધુમાં મુકેશભાઈનાઓએ આરોપી નં.૨ નાઓને ક્યારેય પૈસા આપવાના નથી તે રીતે જણાવેલુ નથી પરંતુ હિસાબ કર્યા પછી પૈસા આપવાની વાત જણાવેલી છે, જેથી વ્યવહારના સામાન્ય ક્રમની સામાન્ય બાબત છે .

આવા સંજોગોમાં સામાન્ય બાબતના કિસ્સામાં આરોપી નં.૨

**રાજુભાઈએ જાતે વ્યાજબી કારણ વગર ઉશ્કેરાઈ જઈને ગાળો બોલવા લાગેલા અને તે સમયે મુકેશભાઈ અને મરણજનાર લલીબેને ગાળો બોલવાની ના પાડેલી તે રીતની જે વિગત સાહેદે જણાવેલી છે તેને ઉલટતપાસમાં પડકારવામાં આવેલી નથી**. આમ, **આરોપી નં.૨ નાઓએ મુકેશભાઈ તથા મરણજનાર લલીબેનને ગાળો આપતા હતા તે રીતની વિગતને આરોપીઓ તરફે પડકારવામાં આવેલી નથી અને તેની સાથે સાથે આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓ જાતે ઉશ્કેરાઈ ગયેલા અને આરોપી નં.૨ ને પૈસા આપી દો નહીંતર બધાને જાનથી મારી નાખીશ તે રીતે ધમકી આપેલી અને તે સમયે લલીબેન તથા મુકેશભાઈએ આરોપી નં.૧ ને ગાળો બોલવાની ના પાડેલી તેમ છતાં આરોપી નં.૧ કમલેશભાઈનાઓએ નજીકમાંથી લાકડું લઈને લલીબેનના માથાના ભાગે ફટકો મારેલો અને આ બનાવ સમયે સાહેદની હાજરી ત્યાં હોવાનું સ્પષ્ટ થાય છે. ઉલટતપાસમાં આ સાહેદ બનાવ સમયે સ્થળ ઉપર હાજર ન હોય તે રીતની કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી. આ સિવાય આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી દ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલી છે તે ઉલટતપાસની વિગત ધ્યાને લેતા ચૂલા નજીક નજીકમાં હતા જેથી એકબીજાની બોલાચાલી સ્વાભાવિક રીતે સાંભળી શકાય તેટલા અંતરે આ માણસો હતા અને આરોપી નં.૧ કમલેશભાઈ અને આરોપી નં.૨ રાજુભાઈનાઓ બંનેવ નજીક હતા. જેથી ફરીયાદ પક્ષ જે કેસ લઈને આવેલા છે તે કેસની વિગતને સાહેદની જુબાનીના આધારે સીધું શંકા રહીત સમર્થન મળે છે તેમ માનું છું અને આ સાહેદ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય છે તેમ માનું છું**.

વધુમાં આ કામે આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસમાં એવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે, **"એ વાત ખરી છે કે, રાજુભાઈએ આખા બનાવ દરમ્યાન કોઈને મારેલું નથી."**. આમ, આરોપી નં.૨ નાઓએ સમગ્ર બનાવ દરમ્યાન કોઈને મારેલું નથી તે રીતે ઉલટતપાસમાં વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે

<u>પરંતુ સમગ્ર બનાવ આરોપી નં.૨ નાઓએ ઝઘડા ની શરૂઆત કરી ત્યારથી બનાવની શરૂઆત થયેલી છે અને બનાવ આરોપી નં.૨ નાઓએ કરેલા ઝઘડાના કારણે બનેલો છે અને તેમાં આરોપી નં.૧ નાઓએ આરોપી નં.૨ નાઓનું ઉપરાણું લઈને મરણજનારને લાકડાથી માથાના પાછળના ભાગે ઈજા કરી મોત નીપજાવેલ છે. આમ, ફરીયાદ પક્ષના કેસમાં હાલના આરોપી નં.૨ રાજુભાઈનાઓએ કોઈને ઈજા કરેલી હોય તેવો ફરીયાદ પક્ષનો કેસ નથી અને તેથી આ વિગત રેકર્ડ ઉપર આવવાથી આરોપી નં.૨ નાઓને કોઈ લાભ થતો નથી તેઓ મારૂ શુધ્ધબુધ્ધીપુર્વકનું માનવું છે.</u>

આવા સંજોગોમાં સાહેદની સમગ્ર જુબાનીનું મૂલ્યાંકન કરતા બનાવ સમયે આરોપી નં.૧ કમલેશભાઈનાઓ અને આરોપી નં.૨ રાજુભાઈનાઓ ગુના બનાવવાળી જગ્યાએ આવેલા અને ત્યાં આરોપી નં.૨ નાઓએ સાહેદ મુકેશભાઈની પાસે મજૂરીના પૈસાની માંગણી કરેલી અને મુકેશભાઈએ હિસાબ કરી પૈસા સવારે ચૂકવવાનું જણાવતા આરોપી નં.૨ નાઓએ ગાળો બોલવાનું ચાલુ કરેલું અને તે સમયે મુકેશભાઈ તથા મરણજનાર લલીબેનનાઓએ આ આરોપી નં.૨ રાજુભાઈનાઓને ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.૧ કમલેશભાઈનાઓ આરોપી નં.૨ નાઓનું ઉપરાણું લઈને આવેલા અને ધમકી આપેલી કે, રાજુભાઈના પૈસા આપી દો નહીં તો તમો બધાને જાનથી મારી નાખીશ અને પછી આરોપી નં.૧ કમલેશભાઈનાઓએ લાકડું લઈને મરણજનાર લલીબેનને માથાના પાછળના ભાગે ફટકો મારી ઈજા કરી લલીબેનનુ મોત નીપજાવેલ છે તે રીતની વિગતને સાહેદની જુબાનીના આધારે પણ શંકા રહીત વ્યાજબી સમર્થન મળતું હોવાથી તે હકીકત સાહેદની જુબાનીના આધારે પણ સાબીત થાય છે તેમ માનું છું.

(૨૨) આ કામે સાયન્ટિફીક ઓફિસર ચિરાગભાઈ દશરથભાઈ પટેલનાઓને આંક–૩૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને

તેઓની જુબાનીમાં આંક–૩૨ થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજૂ થયેલો છે તેમજ આંક–૩૩ થી સ્થળ પરીક્ષણ કરવા માટે whatsapp મારફત મોકલેલી યાદી રજૂ થયેલી છે. સદરહુ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ તેઓ પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન સવારના કલાક ૮:૧૫ વાગ્યે પોલીસ કંટ્રોલ મહેસાણા તરફથી લાડોલ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૬૦૭૯૨૪૦૦૯૫/૨૦૨૪ ના કામે બનાવ સ્થળના ફોરેન્સિક ઇન્વેસ્ટીગેશન માટેનો whatsapp મેસેજ મળેલો અને તે જ તારીખે કલાક ૧૦:૩૦ થી ૧૧:૩૦ દરમ્યાન તેઓએ બનાવ સ્થળની ફોરેન્સિક તપાસ કરેલી અને બનાવ સ્થળે પહોંચતા ત્યાં ત.ક.અ. જી.એ.સોલંકીનાઓ હાજર હતા અને તેઓ બનાવની ટૂંકમાં વિગતથી માહિતગાર કરેલા અને ત્યારબાદ બનાવ સ્થળની મુલાકાત લીધેલી અને ઝીણવટભર્યું નિરીક્ષણ કરેલું. **જેમાં સદર જગ્યાએ બોરડી ની બાજુમાં ઉત્તરે પાઈપથી આશરે ૨૦ ફૂટ પશ્ચિમે ખેતરના ભાગે આશરે ૧૫ ફૂટના વ્યાસના ઘેરાવામાં બનાવ બનેલ હતો અને સદર જગ્યાએ પોણા ફૂટના વ્યાસના ઘેરાવામાં ઘેરા રતાશ પડતા ભૂખરા રંગના ડાઘાથી ખરડાયેલી માટી જોવા મળેલી અને આ માટીના ભૂખરા રંગની ચકાસણી કરતા પ્રાથમિક રાસાયણિક કસોટી કરતા પરિણામમાં રુધિરની હાજરી હકારાત્મક જોવા મળેલી. આમ, આ માટીમાં રુધિર હોવાની વિગત સદરહુ એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર માલુમ પડેલું. આ સિવાય સાહેદે સ્થળ ઉપર ફોટોગ્રાફ લેવા માટેની સૂચના કરેલી. તે સિવાય સ્થળ પરીક્ષણનો અહેવાલ પોલીસ સ્ટેશનમાં બેસીને તૈયાર કરેલાનો ઈન્કાર કરેલ છે**. આવા સંજોગોમાં આ સાહેદની આ હકીકતને ધ્યાને લઈ આંક–૩૨ વાળો અહેવાલ ધ્યાને લેવામાં આવે તો તેમાં **એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ પરીક્ષણ કરેલ છે અને ત્યાં તપાસ કરનાર અમલદારની હાજરી છે અને બનાવ તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ બનેલો છે અને એફ.એસ.એલ. અધિકારીએ તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ ગુના બનાવવાળી જગ્યાની મુલાકાત**

**લીધેલી છે. જેથી આ એફ.એસ.એલ. અધિકારીની જુબાનીના આધારે આંક–૩૨ વાળો સ્થળ પરીક્ષણનો અહેવાલ તેની વિગતે શંકા રહીત સાબીત થાય છે તેમ માનું છું.**

**આવા સંજોગોમાં આંક–૩૨ વાળો સ્થળ પરીક્ષણ અહેવાલ સાબીત થતા ગુના બનાવવાળી જગ્યાએ સ્થળ ઉપર રૂધીર પડેલું હતું તે વિગત સાબીત થાય છે. આ હકીકતની સાથે સાહેદ આમણીયાર ગુણવંતભાઇ કલસીંગભાઇનાઓની આંક–૩૦ ની સોગંદ ઉપરની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં એવું જણાવેલ છે કે, "લલીબેનના માથામાંથી લોહી નીકળતું હતું અને આ બંને જણા ત્યાંથી ભાગી ગયેલા.". આમ, સ્થળ ઉપર લોહી નીકળેલું હતું તેવું સાહેદે જણાવેલું છે અને તે વિગતને આંક–૩૨ વાળા સ્થળ પરીક્ષણના અહેવાલથી સીધું સમર્થન મળે છે. જેથી ફરીયાદ પક્ષ જે બનાવની વિગત લઈને આવેલું છે તે બનાવ તે જ સ્થળ ઉપર બનેલો છે તે રીતની હકીકતને આ સાયન્ટિફિક ઓફિસરના આંક–૩૨ વાળા રિપોર્ટના આધારે શંકારહિત સમર્થન મળે છે તેમ માનું છું.**

(૨૩) આ કામે સાહેદ ભરતભાઈ બેચરભાઈ પટેલનાઓને આંક–૩૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી.

આવા સંજોગોમાં સદરહુ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો આ સાહેદ જે જમીન ઉપર બનાવ બનેલો છે તે જમીનના માલિક છે. વધુમાં, **આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીની સર તપાસમાં એવી હકીકત જણાવેલી છે કે, "મારી જમીન બનાવના છેલ્લા ચારેક માસથી અમોએ છટ્ઠા ભાગે કમલેશભાઈ કાંતિભાઈ ગરાસીયા તથા લાલાભાઇનાઓને ભાગે ખેતી કરવા સારું**

**આપેલી હતી.".** આમ, **ફરીયાદ પક્ષના કેસ અનુસર ભરતભાઈ બેચરભાઈ પટેલની જમીનના ભાગીયા આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ ગરાસીયાનાઓ છે તે રીતની જે વિગત રજૂ કરવામાં આવેલી છે તે વિગતને આ જમીન માલિકની જુબાનીના આધારે સીધું સમર્થન મળે છે તેથી તે હકીકત સાબીત થાય છે તેમ માનું છું**. વધુમાં આરોપીની ઓળખના મુદ્દા ઉપર આ સાહેદે એવું સ્પષ્ટ જણાવેલું છે કે, **"આરોપી કમલેશભાઈને હું ઓળખું છું. સાહેદ એક આરોપીને કમલેશ તરીકે નામદાર કોર્ટમાં ઓળખી બતાવે છે. આરોપીને પૂછતા પોતે પોતાનું નામ કમલેશ કાંતિભાઈ ગરાસીયા હોવાનું જણાવે છે.".** આમ, **આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો સાહેદે જે કમલેશભાઈની કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તે જ વ્યક્તિ સાહેદના ખેતરના ભાગીયા તરીકે છે તે સંદર્ભે ઓળખી બતાવેલ છે. જેથી આરોપી નં.૧ કમલેશભાઈનાઓની ઓળખ હસનાપુર ખાતે આવેલ પટેલ ભરતભાઈ બેચરભાઈ ના ખેતરના ભાગીયા તરીકે હતા તે હકકીત પણ સાહેદની જુબાનીના આધારે પણ શંકા રહિત રીતે સાબીત થાય છે તેમ માનું છું**. વધુમાં, બનાવવાળી જગ્યાએ ફરીયાદ પક્ષના કેસ અનુસાર ચૂલા અને બોર હોવાની વિગત રજૂ કરવામાં આવેલી છે. **આ સાહેદ ખેતર માલિક છે. જેથી સાહેદની જુબાનીની વિગત ધ્યાન લેતા સાહેદે એવું સ્પષ્ટ જણાવેલું છે કે, "મારા ખેતરમાં બોર હતો."** આમ, **ફરીયાદ પક્ષ ગુના બનાવવાળી જગ્યાની નજીકમાં બોર હોવાની જે વિગત જણાવે છે તે વિગતને આ સાહેદ સીધું સમર્થન આપે છે**. આમ, **હસનાપુર ખાતે આવેલ પટેલ ભરતભાઈ બેચરભાઈના ખેતરમાં કે જ્યાં બનાવ બનેલો ત્યાં બોર આવેલો છે તે રીતની વિગતને આ જમીન માલિકની જુબાનીના આધારે સીધું સમર્થન મળતું હોવાથી તે હકીકત શંકા રહીત સાબીત થાય છે તેમ માનું છું**.

વધુમાં આરોપી નં.૧ તરફે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તે ઉલટ તપાસમાં મહત્વની એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે,

> "કમલેશભાઇ મારે ત્યાં વાવણી થઇ તે વખતે અઢી થી ત્રણ મહીનાથી ભાગીયા તરીકે આવેલા હતા. એ વાત ખરી છે કે, આ કમલેશભાઈ ઉગ્ર સ્વભાવના નથી. **<u>બોરથી આ લોકો જે જગ્યાએ રહેતા હતા ત્યાંના ચુલા આશરે ચાલીસ થી પચાસ ફુટ દૂર હશે. એ વાત ખરી છે કે, કમલેશભાઇ આ બોરની ઓરડીમાં રહેતા હતા</u>.** એ વાત ખરી છે કે, આ મજુરો જયાં રહેતા હતા ત્યાં લાઇટની સગવડ ન હતી. એ વાત ખરી છે કે,બોરની ઓરડીથી ચાલીસ પચાસ ફુટ દૂર આ લોકો જયાં રહેતા હતા ત્યાં લાઇટની સગવડ ન હોવાથી અંધારુ રહેતું હતુ. મે આ ઘઉની મજુરીના પૈસા મુકદમ મુકેશભાઇને આપેલા.
>
> મે આ મુકદમ મુકેશભાઇને ઘઉં વાઢવાની મજુરીના રુા.૩૫૦૦/- થી ૪૦૦૦/- વચ્ચે આપેલા હતા. મે આ બનાવના બાર પંદર દિવસ પહેલાં મજુરીના રુપીયા ૩૫૦૦/-થી ૪૦૦૦/- વચ્ચેના આપી દિધેલા હતા. મારી એક વિધાની જમીનમાંથી ઘઉં વાઢવાના હતા.
>
> **<u>આ કમલેશભાઇનું રસોડુ બોરની ઓરડીથી થોડુક દશ બાર ફુટ દૂર હતું</u>.** "

આમ, આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો મજૂરો જ્યાં રહેતા હતા ત્યાં લાઈટની સગવડ ન હતી અને બોરની ઓરડીથી મજૂરો રહેતા હતા તે લગભગ ૪૦ થી ૫૦ ફૂટ દૂર રહેતા હતા. વધુમાં આ લોકો બોરથી જે જગ્યાએ રહેતા હતા ત્યાં ચૂલા આ લોકોના આવેલા હતા અને આરોપી નં.૧ કમલેશભાઈ બોરની ઓરડીમાં રહેતા હતા. વધુમાં **<u>કમલેશભાઈનું રસોડું બોરની ઓરડીથી ૧૦ થી ૧૨ ફૂટ દૂર આવેલ હતું. આવા સંજોગોમાં આ તમામ બાબતો અને સાહેદની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો સાહેદની જુબાનીમાં કોઈપણ જગ્યાએ જે બોર આવેલો હતો અને જે ઓરડી આવેલી હતી ત્યાં આ ખેતર માલિકે વીજળીનું કનેક્શન મેળવેલું ન હોય તે રીતની વિગત સર તપાસ કે ઉલટ તપાસમાં જણાવેલી નથી</u>. <u>જેથી અગાઉ અત્રેની અદાલતે ચર્ચાના કારણોમાં વિગતવારની ચર્ચા કરેલી છે તે અનુસાર ડીઝલ પંપથી બોર ચલાવવામાં આવતો હોય તેવું આરોપીઓનો બચાવ નથી અને આ ખેતર માલિક પણ ડીઝલ પંપથી મોટર ચલાવી બોર ચલાવવામાં આવતો હોય તે રીતની કોઈ રજૂઆત કરતા નથી. તે સંજોગોમાં આ ગુનાબનાવવાળી જગ્યાએ આવેલ બોર અને બોરની</u>**

ઓરડીમાં વીજળીનું કનેક્શન આવેલ હતું તેવું અદાલતે વ્યવહારના સામાન્ય ક્રમની બાબત તરીકે માનવું જ પડે. વધુમાં બનાવની વિષય વસ્તુ ધ્યાને લેવામાં આવે તો બે બાબતો રેકર્ડ ઉપર સ્પષ્ટ થાય છે. એક જગ્યાએ કે જ્યાં મરણજનાર અને મજૂરો ચૂલો બનાવી રહેતા હતા તે અને બીજી જગ્યા જ્યાં ઓરડી આવેલી છે. આ સાહેદના જણાવ્યા અનુસાર મજૂરો જે સ્થળ ઉપર હતા એટલે કે ઓરડીથી ૪૦ થી ૫૦ ફૂટ દૂર આ મજૂરોના ચૂલા આવેલા હતા તે જગ્યાએ લાઈટની વ્યવસ્થા ન હતી તેનો મતલબ કે મજૂરો જે જગ્યાએ ચૂલો બનાવી અને જમવાનું બનાવતા હતા અને રહેતા હતા ત્યાં સ્વાભાવિક રીતે કોઈ લાઈટનો થાંભલો આવેલ નથી કે બોરની ઓરડી થી વીજળીનો તાર ખેંચી ગુના બનાવવાળી જગ્યાએ જઈ મજૂરો રહેતા હતા ત્યાં વીજળીનો બલ્બ કે ટ્યુબલાઈટ ચલાવવામાં આવતી ન હતી. આવા સંજોગોમાં બોરની ઓરડીથી સાંજના સમયે લાઇટ ચાલુ કરવામાં આવેલી હોય તો સ્વાભાવિક રીતે પ્રકાશ આજુબાજુના કેટલાક વિસ્તારોમાં પ્રસરી શકે. વધુમાં આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ ગરાસીયા નાઓ બોરની ઓરડીમાં પોતાના પરીવાર સાથે રહેતા હતા તે હકીકત પુરાવામાં રેકર્ડ પર લાવવામાં આવેલી છે. આવા સંજોગોમાં આરોપી નં.૧ નાઓએ પરીવારજનોને બચાવ પક્ષના સાહેદ તરીકે તપાસીને આ બનાવ બન્યો તે સમયે બોરની ઓરડીમાં કોઈ પણ ટ્યુબલાઈટ કે બલ્બ ચાલુ રાખેલ ન હતો તે રીતની વિગત રેકોર્ડ ઉપર લાવીને સાબીત કરવામાં આવેલી નથી. વધુમાં, યુ.જી. વી.સી.એલ. ના કર્મચારીઓ કે અધિકારીને તપાસીને બનાવજે અરસામાં બનેલો તે અરસામાં ગુના બનાવવાળી જગ્યાના વિસ્તારમાં વીજ કંપની દ્વારા વીજપ્રવાહ બંધ કરવામાં આવેલો હોય તે રીતની પણ વિગત રેકર્ડ ઉપર પુરાવામાં લાવીને બચાવ પક્ષ દ્વારા સાબીત કરવામાં આવેલી નથી.

વધુમાં, વ્યવહારના સામાન્ય ક્રમમાં સાંજના અંધારૂ થાય ત્યારે સ્વાભાવિક રીતે લોકો વીજળીનો બલ્બ અને ટ્યુબલાઈટ ચાલુ કરતા હોય છે તેમજ ગામડામાં અને સીમ વિસ્તારમાં જ્યાં બોર હોય

**<u>બોરની ઓરડી હોય મોટર હોય તેવી જગ્યાએ વીજળીનો બલ્બ સાંજના ચાલુ રાખવામાં આવતો હોય છે. જેથી વ્યવહારના સામાન્ય ક્રમથી વિરૂધ્ધની બાબત જો આરોપીઓ કહેવા જતા હોય તે વિગત રેકર્ડ ઉપર સાબીત કરવાની સાબીતીનો બોજો આરોપીઓના શીરે રહેલો છે. આવા સંજોગોમાં આ મહત્વની બાબતને ધ્યાને લેતા બોરની ઓરડીમાંથી પ્રકાશની વ્યવસ્થા હતી તે રીતે પણ અદાલતે ધ્યાને લેવું પડે તેમ માનું છું</u>.**

આવા સંજોગોમાં સાહેદની જુબાનીના આધારે કમલેશભાઈનું રસોડું બોરની બોરડીથી દસેક ફૂટ દૂર આવેલ હતું અને તે સંજોગોમાં આ સમગ્ર બનાવ જે જગ્યાએ બનેલાનો ફરીયાદ પક્ષનો કેસ છે તે ગુના બનાવવાળી જગ્યાએ મરણજનાર તથા અન્ય સાહેદ તથા આરોપી નં.૧ અને ૨ નાઓ રહેતા હતા તેવી વિગત સાહેદની જુબાનીના આધારે શંકારહીત રીતે સાબીત થાય છે તેનું માનું છું.

(૨૪) આ કામે પંચ સોલંકી ચેતનકુમાર દિલીપસિંહનાઓને આંક–૩૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૩૭ થી પંચનામુ રજૂ થયેલું છે તેમજ આંક–૩૮ થી રજૂ થયેલી છે તેમજ પંચનામાના બીજા પંચ રમેશભાઈ રવાભાઈ વાઘરીનાઓને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ હું બંને પંચોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતેના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં સદરહુ બંને પંચો આંક–૩૮ વાળી પંચ સ્લીપમાં પોતાની સહી હોવાની હકીકતને સમર્થન આપે છે. આ સિવાય તેઓની હાજરીમાં કોઈ આરોપીએ બનાવ સમયે ગુનામાં વપરાયેલ લાકડાનો ધોકો શોધી બતાવેલો હોય અને પંચોએ તે જોઈને પંચનામુ કરી તે લાકડાનો ધોકો કબજે લેવામાં આવેલો હોય તે રીતની હકીકતને સીધું કે સાંયોગીક સમર્થન આપતા નથી અને તેથી આંક–૩૭ વાળા પંચનામામાં સહી હોવાની વિગતને સમર્થન આપે છે અને પંચનામાની

અન્ય હકીકતોને સમર્થન આપતા નથી તેથી આંક–૩૭ વાળું પંચનામુ તેની વિગતે સાબીત થતું નથી તેમ માનું છું.

(૨૫) આ કામે પંચ રાહુલભાઈ પશાભાઈ પટેલ નાઓને આંક–૪૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૪૧ થી આરોપીની શરીર સ્થિતિ અને કપડાં કબજે કરેલાનું પંચનામું રજૂ થયેલ છે તેમજ આંક–૪૨,૪૩,૪૪,૪૫ થી પંચ સ્લીપ રજૂ થયેલી છે. સદરહું પંચનામાના બીજા પંચ રાહુલભાઈ સજુભાઈ પટેલ નાઓને આંક–૪૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ બંને પંચોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં સદરહુ બંને પંચો આંક–૪૧ વાળા પંચનામામા તેમજ આંક–૪૨ થી ૪૫ વાળી પંચ સ્લીપમાં પોતાની સહી હોવાની હકીકતને સમર્થન આપે છે તે સિવાય તેઓની હાજરીમાં કોઈ આરોપીએ બનાવ સમય પહેરેલા કપડાં રજુ કરેલ હોય અને પંચનામુ કરી કબજે લેવામાં આવેલા હોય તે રીતની હકીકતને સીધું કે સાંયોગીક સમર્થન આપતા નથી. આવા સંજોગોમાં સદરહુ બંનેવ પંચો આંક–૪૧ વાળા પંચનામામા માત્ર પોતાની સહી હોવાની હકીકતને સમર્થન આપે છે તે સિવાય અન્ય હકીકતોને સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી તેથી આંક–૪૧ વાળું પંચનામુ તેની વિગતે સાબીત થતું નથી તેમ માનું છું.

(૨૬) આ કામે પંચ અલ્પેશભાઈ બળદેવભાઈ પટેલનાઓને આંક–૪૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૪૮ થી પંચનામુ તથા આંક–૪૯,૫૦,૫૧ અને ૫૨ થી પંચ સ્લીપ રજૂ થયેલી છે. સદરહુ પંચનામાના બીજા પંચ રજનીકાંત શંભુભાઇ પટેલને આંક–૫૩ થી તપાસવામા આવેલા છે. સદરહુ બંનેવ પંચોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ. સરકારી

વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં સદરહુ બંનેવ પંચો આંક–૪૮ વાળા પંચનામામાં પોતાની સહી હોવાની વિગતની સમર્થન આપે છે અને તે સિવાય તેમની હાજરીમાં કોઈ વ્યક્તિએ મરણજનારના કપડા રજૂ કરેલા હોય અને પંચનામું કરી કબજે લેવામાં આવેલા હોય તે રીતની હકીકતને સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી. આવા સંજોગોમાં સદરહુ બંનેવ પંચો આંક–૪૮ વાળા પંચનામામાં તેમજ આંક–૪૯ થી ૫૨ વાળી પંચ સ્લીપમાં માત્ર પોતાની સહી હોવાની હકીકતને સમર્થન આપે છે. આ સિવાય પંચનામાની અન્ય હકીકતોને સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી અને તેથી આંક–૪૮ વાળું પંચનામુ તેની વિગતે સાબીત થતું નથી તેમ માનું છું.

(૨૭) આ કામે પી.એસ.ઓ. કુમુદસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા નાઓને આંક–૫૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ કલાકે ૨૦:૦૦ થી તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ કલાક ૮:૦૦ સુધી લાડોલ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા તે દરમ્યાન કલાક ૨૨:૪૦ વાગ્યે વિજાપુર સિવિલ હોસ્પિટલમાંથી ડો.મનન આસોડિયાએ વર્ધી લખાવેલ કે દર્દી નામે લલીબેન રાકેશભાઈ ભાભોર ઉં.વ.૪૦ રહે. હસનાપુર તા. વિજાપુર વાળીને મૃત હાલતમાં વિજાપુર સિવિલ હોસ્પિટલમાં લાવેલા હોય જે લાડોલ પો.સ્ટે. દવાખાના વર્ધી નં.૨૮/૨૦૨૪ થી નોંધ કરી આગળની કાર્યવાહી કરવા માટે એ.એસ.આઈ. કીર્તિભાઈ અળખાજી આગોલ ઓ.પી. નાઓને રિપોર્ટ કરેલો. વધુમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી જી.એ.સોલંકીનાઓની રૂબરૂની ફરીયાદ ગુનો રજીસ્ટર થવા માટે આવતા તેઓએ ગુનો દાખલ કરેલો અને ગુનાની આગળની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી જી.એ.સોલંકીનાઓને સુપરત કરેલી. તે સિવાય વિશેષ કોઈ કામગીરી તેઓએ કરેલી નથી તેવું મારૂ

શુધ્ધબુધ્ધીપુર્વકનું માનવું છે.

(૨૮) આ કામે એ.એસ.આઈ. ક્રિતીકુમાર અળખાજી અસારીનાઓને આંક–૫૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો સને–૨૦૨૪ ના વર્ષમાં લાડોલ પો.સ્ટે. માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ લાડોલ પો.સ્ટે. દવાખાના વર્ધી નં.૨૮/૨૦૨૪ ના કામે વિજાપુર સરકારી દવાખાનામાં ગયેલ અને ત્યાં પી.એસ.આઈ.જી.એ.સોલંકી સાહેબે ઈન્કવેસ્ટ પંચનામું કરેલુ અને સાહેદને હોસ્પિટલમાં હાજર રહેવાનું જણાવતા તેઓ ત્યાં હાજર રહેલા અને મરણજનારની લાશ ઉપરળી પી.એમ. દરમ્યાન ડોક્ટરશ્રીએ કપડાં લઈ સાહેદને આપેલ તે કપડાં તેઓએ લાવીને પો.સ્ટે.માં રજુ કરેલા અને તે કપડાં પંચનામું કરી કબજે લેવામાં આવેલા તેમ જણાવી સાહેદે મુદ્ધામાલ આર્ટીકલ નં.૮, ૯, ૧૦, ૧૧ વાળા મરણજનારના કપડાં કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા છે. આવા સંજોગોમાં સાહેદની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો મુદ્ધામાલ આર્ટીકલ નં.૮, ૯, ૧૦, ૧૧ વાળા મરણજનારના કપડાં છે તે રીતની વિગતને સીધું સમર્થન મળતુ હોવાનુ સાબીત થાય છે તેમ માનું છું.

(૨૯) આ કામે ત.ક.અ. ગજેન્દ્રસિંહ અજીતસિંહ સોલંકીનાઓને આંક–૬૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ ત.ક.અ.ની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો સને–૨૦૨૪ ના વર્ષમાં લાડોલ પો.સ્ટે. માં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પી.એસ.ઓ. કુમુદસિંહે ટેલીફોનથી જાણ કરેલ કે લાડોલ પો.સ્ટે. દવાખાના વર્ધી નં.૨૮/૨૦૨૪ તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ કલાકે ૨૨:૪૦ વાગ્યાના કામે મારામારીમાં ઈજા થતા મરણજનાર લલીબેન રાકેશભાઈ ભાભોરનાઓને વિજાપુર સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવેલા છે. જેથી તેઓ વિજાપુર સિવિલ હોસ્પિટલમાં ગયેલા

અને ત્યાં મરણજનારની લાશને મરણજનારના દીકરાએ ઓળખી બતાવેલી અને ઈન્કવેસ્ટ પંચનામું કરેલ તેમજ મરણજનારના લાશના કપડાં કબજે લેવામાં આવેલા. ત્યારબાદ ફરીયાદીએ વિગતવારની ફરીયાદ લખાવતા ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલ અને ગુનો રજીસ્ટર કરવા માટે યાદી કરેલ અને ગુનો રજીસ્ટર થયા બાદ ગુનાની તપાસ સાહેદ તરફ આવતા તેઓએ ગુનાની તપાસ સંભાળી લીધેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. ગુના બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલું. આરોપીને અટક કરેલા તેમજ ગુના બનાવવાળી જગ્યાનો નકશો તૈયાર કરાવવા માટે તજવીજ કરેલી અને તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા ગુનાનું ચાર્જશીટ કરેલું.

વધુમાં સદરહુ સાહેદની ઉલટતપાસમાં આરોપીના વિ.વ.શ્રીએ એ હકીકત રેકર્ડ ઉપર લાવેલા છે કે, "એ વાત ખરી છે કે, મેં મારી તપાસ દરમ્યાન મુકેશભાઈ રંગજીભાઈ પારધીનું સારવારનું સર્ટી મેળવીને કપાસના કામે સામેલ રાખેલ નથી.". આમ, **આ બનાવની મુકેશભાઈને પીઠના ભાગે લાકડું આરોપી નં.૧ નાએ મારેલું તે રીતે ઈજા પામનાર મુકેશભાઈએ જણાવેલું છે. આવા સંજોગોમાં વ્યવહારના સામાન્ય ક્રમમાં દરેક ઈજાના કિસ્સામાં સારવાર લેવી ફરજિયાત હોતી નથી. સારવાર લેવા માટેનું કારણ ઈજા કેવી થઈ છે, ક્યાં થઈ છે અને શરીરના કયા ભાગ ઉપર થઈ છે તેના ઉપર આધારિત છે અને તે સંજોગોમાં મુકેશભાઈ રંગજીભાઈ પારધીને બરડાના ભાગે આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ ગરાસીયાનાઓએ લાકડીનો ધોકો મારેલો હતો તેથી તેઓનું સારવારનું સર્ટિફિકેટ તપાસ કરનાર અમલદારે મેળવીને તપાસના કાગળોમાં સામેલ રાખેલ નથી તો તેના કારણે કોઈ ફરીયાદ પક્ષના કેસને વિરૂધ્ધની અસર થતી નથી**. આવા સંજોગોમાં મુકેશભાઈ રંગજીભાઈ પારધીનાઓએ દવાખાનામાં સારવાર લીધેલી હોય અને તેઓને સર્ટિફિકેટ રજુ કરવા માટે આરોપીઓ તરફે જણાવેલું હોય તેમ છતાં ઈજા પામનાર મુકેશભાઈ રંગજીભાઈ પારધીનાઓ અને તપાસ

કરનાર અમલદાર સારવાર સર્ટિફિકેટ લાવીને રજૂ કરી શકેલા ન હોય તેવો આ કેસ નથી તેથી મુકેશભાઈ રંગજીભાઈ પારધીનું સારવારનું સર્ટિફિકેટ આ કેસમાં રજૂ ન થવાથી આરોપીને બચાવમાં કોઈ લાભ પ્રાપ્ત થતો નથી.

વધુમાં, આ કામે ગુના બનાવવાળી જગ્યાની મુલાકાત ક્યારે લીધે તો તે સંદર્ભે ઉલટ તપાસમાં એવી વિગત રેકોર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે, **"મેં ગુના બનાવવાળી જગ્યાની મુલાકાત બનાવ રાત્રે બનેલ હોવાથી સવારે લીધેલી."**. આમ, તપાસ કરનાર અમલદાર ગુના બનાવવાળી જગ્યાએ ગયેલા છે અને **ત્યાં તેઓએ ગુના બનાવવાળી જગ્યા જોયેલી છે તેવું રેકર્ડ ઉપર લાવવામાં આવેલું છે. આવા સંજોગોમાં આ હકીકતની સાથે સ્થળ પરીક્ષણનો અહેવાલ કરનાર અધિકારીની જુબાનીની વિગત અને સ્થળ પરીક્ષણનો અહેવાલ ધ્યાને લેતાં ઉપર જે લોહીનું ડાઘું એફ.એસ.એસ. અધિકારીએ જોયેલા છે અને જે જગ્યા એફ.એસ.એલ. અધિકારીને તપાસ કરનાર અમલદારે બતાવેલી છે તે સમયે આ તપાસ કરનાર અમલદાર ગુના બનાવવાળી જગ્યાએ હાજર હતા તે રીતની હકીકત સાબીત થાય છે તેમ માનું છું**. વધુમાં ત.ક.અ. એ પોતાની ઉલટ તપાસમાં બીજી મહત્વની એવી હકીકત જણાવેલી છે કે, " **એ વાત ખરી છે કે, ફરીયાદમાં અજવાળુ હોવા બાબતે જે વિગત જણાવેલી છે તે બાબતે મે તપાસ કરેલી છે. જો મને એવું પુછવામાં આવતું હોય કે, આ જગ્યાએ લાઇટ બાબતે તમે શું તપાસ કરેલી તો હું જણાવુ છુ કે,સદર ગુન્હા બાબતે પંચનામાં ટયુબવેલનો ઉલ્લેખ હોય તે ઈલેકટ્રીક છે**.". આમ, સ્થળ ઉપર વીજળીનું કનેક્શન હતુ અને તે સંદર્ભમાં અજવાળું (લાઈટ) ગુના બનાવવાળી જગ્યાએ હતી તે રીતની વિગત આ ત.ક.અ. ને પોતાની તપાસ દરમ્યાન જણાઈ આવેલ છે તેવું મારૂ શુધ્ધબુધ્ધીપુર્વકનું માનવું છે.

વધુમાં **આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ગુજરાતી કેલેન્ડરના " વદ " અને " સુદ " ની વિગત સંદર્ભે કેટલાક પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ આ કેસમાં બનાવ એપ્રિલ મહિનામાં બનેલો**

**છે અને તે સમયે કોઈ માવઠું થયેલ હોય કે વાદળીયું વાતાવરણ હોય તો તેવો કોઈ બચાવ હોય તો તે વિગત રેકર્ડ ઉપર લાવીને સાબીત કરવાનો સાબીતીનો બોજો આરોપીઓના શીરે રહેલો છે. વધુમાં ગામથી દુર સીમ વિસ્તારમાં વ્યક્તિઓ રહેતા હોય ત્યારે સ્વાભાવિક રીતે ચંદ્ર અને તારાઓનું અજવાળું એટલું હોય છે કે વ્યક્તિઓ એકબીજાના ચહેરા નજીકથી સ્વાભાવિક રીતે જોઈ શકે અને તે સંજોગોમાં અત્રેની અદાલતે બનાવ સમયે અજવાળાના મુદ્ધા ઉપર વિગતવારની ચર્ચા કરેલી છે અને ગુના બનાવવાળી જગ્યાએ વ્યાજબી અજવાળું ચહેરો ઓળખી શકાય તેવું હતું તે રીતની વિગત સાબીત થયેલાનું અત્રેની અદાલતે અગાઉની ચર્ચાના કારણમાં માનેલું છે. જેથી તે મુદ્ધા ઉપર વિશેષ ચર્ચા કરવી ઉચિત જણાતી નથી**.

વધુમાં, આ કામે આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી દ્વારા મરણજનાર લલીબેન પાસે કોઈ રૂપિયા લેવાના ન હતા તે રીતની વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે પરંતુ ફરીયાદપક્ષનો કોઈપણ જગ્યાએ એવો કેસ નથી કે આરોપી નં.૧ કમલેશભાઈ તથા આરોપી નં.૨ રાજુભાઈનાઓ લલીબેન પાસે પૈસાની માંગણી કરતા હતા. **આ કેસમાં પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ અને સાબીત થયેલ વિગત અનુસાર આરોપી નં.૨ રાજુભાઈનાઓ મુકેશભાઈ પાસે મજુરીના પૈસાની માંગણી કરતા હતા અને તે સમયે લલીબેન ત્યાં આવેલા અને બનાવ બનેલો છે અને તેથી આ કેસના પોતાના આગવા અલગ, વિશિષ્ટ સંજોગો છે તેમ માનું છું**.

વધુમાં, બનાવ મજુરો જે જગ્યાએ ચૂલો બનાવીને, જમવાનું બનાવીને રહેતા હતા ત્યાં બનેલો છે અને તેથી આરોપી નં.૧ કમલેશભાઈનાઓ જે ઓરડીમાં રહેતા હતા તે ત્યાંથી આરોપી નં.૨ રાજુભાઈનો કોઈ સામાન મળેલો નથી તે રીતેની જે વિગત રેકર્ડ ઉપર લાવેલા છે તે વિગતને ધ્યાને લઈ ખેતરના માલિક પટેલ ભરતભાઈ બેચરભાઈની જુબાની અને ફરીયાદપક્ષનો કેસ અને મુકર્દમે મુકેશભાઈની જુબાનીની વિગતને ધ્યાને લેતા રાજુભાઈ આ મજુરી

કરવા આવેલા મજુરો પૈકીના એક મજુર હતા તે રીતની વિગત પુરાવામાં સાબીત થયેલી છે. જેથી બોરની ઓરડીમાં સ્વાભાવિક રીતે આરોપી નં.૨ નો કોઈ સામાન હોઈ શકે નહી અને તેથી બોરની ઓરડીમાં આરોપી નં.૨ રાજુભાઈનો કોઈ સામાન મળી આવેલો નથી. તેથી આરોપી નં.૨ ને બચાવમાં કોઈ લાભ થતો નથી તેવું મારૂ શુધ્ધબુધ્ધીપુર્વકનું માનવું છે.

(૩૦) આ કામે આરોપીઓ તરફે પોતાની દલીલના સમર્થનમાં ૨૦૨૫(૦) એ.આઈ.જે.ઈ.એલ.–એચ.સી. ૨૫૦૭૩૯ ગુજરાત હાઈકોર્ટ, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નેવાભાઈ હંજાભાઈ પરમાર તથા ૨૦૨૨(૦) એ.આઈ.જે.ઈ.એલ.–એચ.સી. ૬૯૬૧૪ (સુ.કો.), ખેમા ઉર્ફે ખેમચંદ્ર વિગેરે વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ તથા ૧૯૮૭ ક્રિમિનલ લૉ જનરલ ૧૦૪૮ મદ્રાસ હાઈકોર્ટ, સી.એસ. વરદછરી અને વિગેરે વિ. સી.એસ. શાંતિના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલો છે તે ચુકાદાના માર્ગદર્શક સિદ્ધાંતો અને ગંભીરતાથી ધ્યાને લીધા અને હાલના કેસના સંજોગો જોવામાં આવે તો આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓ આ ગુના બનાવવાળી જગ્યાએ ખેતરના બોરની ઓરડીમાં રહેતો હતો તે વિગત સાબિત થયેલી છે અને તેઓ ભરતભાઈ બેચરભાઈ પટેલની જમીનના ભાગીયા હતા તેમજ આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયાનાઓ જે મજૂરો કામ કરવા માટે આવેલા તે પૈકીના મજુર છે તે રીતની વિગત પણ પુરાવામાં સાબિત થયેલી છે. વધુમાં, બનાવ સમયે આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયા તથા આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓ સાથે આવેલા અને ઈજા પામનાર સાહેદ મુકેશભાઈ પાસે આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓએ મજુરી ના પૈસાની માંગણી કરેલી અને આ ઈજા પામનાર સાહેદ મુકેશભાઈએ આરોપી નં.૨ ને હિસાબ બાકી છે તેથી હિસાબ કરીને સવારે આપીશ તે રીતે જણાવેલું હતુ, તે સમયે આરોપી નં.૨ નાઓએ આ મુકેશભાઈ નાઓને ગાળો બોલવાનું ચાલુ કરેલ અને તે જ સમયે આરોપી નં.૧

નાઓએ આરોપી નં.૨ નાઓનું ઉપરાંણુ લઇને ગાળો બોલવાનું ચાલુ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને આ ચાલુ બનાવ દરમ્યાન મરણજનાર લલીબેન આવેલા અને મરણજનારે જણાવેલ કે અત્યારે તમારે જવાનું નથી તો કાલે સવારે તમને પૈસા મળી જશે તે જ સમયે આરોપી નં.૧ નાઓએ લાકડું હાથમાં લઈને લલીબેન ને માથામાં પાછળના ભાગે લાકડાથી ફટકો મારેલો અને તેના કારણે મરણ જનારનું મોત નીપજાવેલાની વિગત પુરાવામાં સાબિત થયેલી છે. આવા સંજોગોમાં બનાવની શરૂઆત આરોપી નં.૨ દ્વારા કરવામા આવેલી છે અને ચાલુ બનાવવામાં આરોપી નં.૧ અને આરોપી નં.૨ નાઓ ગાળો બોલતા હતા અને તેના કારણે આરોપી નં.૧નાઓએ આરોપી નં.૨ નાઓનું ઉપરાણું લઈને મરણજનાર લલીબેનને લાકડાથી માથામાં પાછળના ભાગે ફટકો મારીને ઈજા કરેલી છે, અને આરોપી નં.૧ નાઓએ કરેલી ઈજાના કારણે મરણજનાર લલીબેનનું મોત નીપજેલ છે. આવા સંજોગોમાં આરોપીઓએ બનાવમાં એકબીજાની મદદગારી કરેલી છે તે રીતની વિગતોવાળો આ બનાવ છે. જેથી હાલના બનાવના સંજોગો, સાહેદની હાજરી અને બનાવનો ક્રમ અલગ પ્રકારનો છે.

(૩૧) આમ, ઉપરોક્ત ચર્ચાની વિગત અને ફરીયાદપક્ષનો તમામ પુરાવો એકીસાથે વંચાણે લેવામાં આવે તો કેસમાં ફરીયાદપક્ષ દ્વારા પુરાવો રજૂ કરીને નીચે મુજબની વિગતો શંકારહીત સાબીત કરવામાં આવેલી છે.

૧. મરણજનાર લલીબેન તથા ફરીયાદી અને બીજા માણસો અને આરોપી નં.૨ મજૂરી અર્થે હસનાપુર ખાતે આવેલા હતા તે હકીકત શંકારહીત સાબિત થયેલી છે.

૨. ગુના બનાવવાળી જગ્યાએ મરણજનાર લલીબેન તથા અન્ય મજૂરો તથા આરોપી નં.૨ રાજુભાઈ ચૂલો બનાવીને ત્યાં રહેતા હતા તે વિગત પણ શંકારહીત સાબિત થયેલી છે.

૩. આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ ગરાસીયાનાઓ આ મજુરો જયાં

રહેતા હતા તે ખેતરના બોરની ઓરડીમાં ભાગીયા તરીકે રહેતા હતા તે બાબત પણ શંકારહીત સાબિત થયેલી છે.

૪. બનાવ સમયે આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ ગરાસીયાનાઓની અને આરોપી નં.૨ રાજુભાઇ બાબુભાઇ બારીયાનાઓની હાજરી ગુના બનાવવાળી જગ્યાએ હતી તે હકીકત પણ શંકારહીત સાબિત થયેલી છે.

૫. બનાવ સમયે આરોપી નં.૨ રાજુભાઇ બાબુભાઇ બારીયા નાઓએ મુકેશભાઈ પાસે હસનાપુર ખાતે કરેલી મજૂરીના પૈસાની માંગણી કરેલી તે હકીકત પણ પુરાવામાં શંકારહિત સાબિત થયેલી છે.

૬. બનાવ સમયે આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓ તથા આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયાનાઓ ગુના બનાવવાળી જગ્યાએ હાજર હતા, અને તે સમયે આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયાનાઓએ સાહેદ મુકેશભાઈ પાસે મજૂરીના પૈસાની માંગણી કરેલી, અને તે સમયે સાહેદ મુકેશભાઈનાઓએ સવારે મજૂરીના પૈસા આપીશ અત્યારે નથી તે રીતે જણાવેલું તે વિગત પણ પુરાવામાં શંકારહિત સાબિત થયેલી છે.

૭. બનાવ સામે આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓ સાહેદ મુકેશભાઈને ગાળો આપતા હતા અને તે સમયે આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓએ ઉપરાણું લઈ સાહેદ મુકેશભાઈને ગાળો આપેલી અને તે ચાલુ બનાવ દરમ્યાન મરણજનાર લલીબેન આવેલા અને મરણજનાર લલીબેને પૈસા કાલે સવારે મળી જશે તે રીતે જણાવેલું, ત્યારે આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓ વધારે ઉશ્કેરાઈ ગયેલા અને આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓએ આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓનુ ઉપરાણું લઈને મરણજનાર લલીબેને લાકડાથી મરણ જનાર લલીબેનને માથાના પાછળના ભાગે ઈજા કરી લલીબેનનું મોત નીપજાવેલ છે.

વધુમાં, આ સાબિત થયેલી હકીકતોની સાથે પુરાવાની વિગતો ધ્યાને લેવામાં આવે તો બનાવ સમયે આરોપી નં.૧ અને આરોપી નં.૨

સાથે હતા અને આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓ ગાળો બોલતા હતા તેમજ પુરાવામાં બંનેવ સાથે આવેલ હતા અને બનાવની શરૂઆત આરોપી નં.૨ નાઓએ કરેલી. ત્યારબાદ આરોપી નં.૧ નાઓએ પણ ગાળો બોલવાનું શરૂ કરેલ હતું અને આરોપી નં.૨ નાએ મજુરીના રૂપીયાની માંગણી કરેલ હતી તેમાં આરોપી નં.૨ નું ઉપરાંત લઈને આરોપી નં.૧ નાએ મરણજનારને લાકડાનો ફટકો માથાના પાછળના ભાગે મારેલો છે અને તે લાકડું ચૂલામાં મૂકેલું ઓલવાઈ ગયેલું (એક બાજુથી સળગીને બુઝાઇ ગયેલુ) હતું તેવું લાકડું મારેલું તે પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ છે અને પોલીસે મુદ્દામાલમાં તેજ લાકડું કબજે કરેલું છે. જેથી **આરોપી નં.૧ અને આરોપી નં.૨ નાઓને આ બનાવમાં ઉશ્કેરણી માટેનું કોઈ કારણ ફરીયાદપક્ષ તરફથી આપવામાં આવેલું નથી**. વધુમાં આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓ તથા આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓ પુખ્તવયની વ્યક્તિ છે, તે સંજોગોમાં કોઈ વ્યક્તિને માથાના પાછળના ભાગે લાકડાનો ફટકો જોરથી બળપુર્વક મારવામાં આવે તો મોત નીપજી શકે છે તેની સ્વાભાવિક રીતે જાણકારી હોય, તેવી જ રીતે બનાવમાં આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓએ જે રીતે પૈસાની ઉઘરાણી કરેલી છે અને પોતાના મિત્રને સાથે લઈ ગયેલા છે અને આરોપી નં.૧ નાઓએ આરોપી નં.૨ નાઓ વતી ઉપરાણું લઈ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલી છે તેથી આરોપી નં.૨ નાઓએ સીધી સક્રિય મદદગારી કરેલી છે તેવું પુરાવામાં સાબિત થાય છે. આરોપી નં.૧ નાઓએ પોતે લાકડું મરણજનાર લલીબેનને માથાના પાછળના ભાગે લાકડાનો ફટકો મારેલો છે જેમાં બળનો પ્રયોગ એટલો બધો વધારે છે કે જેના કારણે ગંભીર પ્રકારની માથાના પાછળના ભાગે ઈજા થયેલી છે અને હાડકાનું ફ્રેક્ચર પણ થયેલું છે તેવું પી.એમ. નોટમાં પુરાવામાં રેકોર્ડ ઉપર સાબિત થયેલું છે. જેથી આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓનો ઈરાદો મરણજનાર લલીબેનને જાનથી મારી નાખવાનો હતો તેવું પુરાવાના આધારે સંજોગો ધ્યાને લેતા શંકારહિત સાબિત થાય છે તેમ માનું છું.

આવા સંજોગોમાં ફરીયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલા મૌખીક અને દસ્તાવેજી પુરાવાના આધારે આરોપી નં.૧ અને આરોપી નં.૨ નાઓએ એકબીજાના મેળાપીપણામાં મરણજનાર લલીબેનને તથા મુકેશભાઈને ગાળો આપેલી છે તેમજ મુકેશભાઈને માર મારેલો અને મરણજનાર લલીબેનનું આરોપી નં.૧ નાએ લાકડાનો ફટકો બળપુર્વક માથાના પાછળના ભાગે મારીને મોત નીપજાવી ખૂન કરેલ છે અને આરોપી નં.૨ નાઓએ તેમ કરવામાં સીધી મદદગારી કરેલી છે તે રીતની વિગત પણ શંકારહિત સાબિત થયેલી છે.

(૩૨) આ કેસમા બનાવના અરસામા હથીયાર બંધીનુ જાહેરનામુ આ વિસ્તારમા અમલમા હતુ તે પુરાવામા સાબીત થયેલુ છે.

આવા સંજોગોમાં ઉપરોક્ત તમામ ચર્ચાને ધ્યાને લેતા ફરીયાદ પક્ષ દ્બારા આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં બીભત્સ ગાળો આપી, ઈજા પામનાર સાહેદ મુકેશભાઇને આરોપી નં.૧ નાઓએ લાકડાથી પીઠના ભાગે માર મારી ઇજા કરી તેમજ આરોપી નં.૧ અને ૨ નાઓએ એકબીજાના મેળાપીપણામાં ગાળો આપી અને આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈનાઓએ મરણજનાર લલીબેનને લાકડાથી માથાના પાછળના ભાગે ફટકો મારી ઈજા કરી મોત નીપજાવી ખૂન કરેલું છે અને તેમ કરવામાં આરોપી નં.૨ નાઓએ મદદગારી કરેલી છે તે રીતની વિગત પુરાવામાં સાબિત થયેલી છે તેમજ હથીયારબંધીના જાહેરનામાનો ભંગ આરોપી નં.૧ નાઓએ કરેલો છે અને તેમ કરવામાં આરોપી નં.૨ નાઓએ મદદકારી કરેલી છે તે રીતની વિગત સાબિત થયેલી છે તેથી મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ "હકારમાં" આપું છું.

**<u>મુદ્દા નં.૩ઃ–</u>**

(૩૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલા પુરાવાના આધારે નીચે મુજબની વિગતો શંકારહિત સાબિત થયેલી છે.

૧. મરણજનાર લલીબેન તથા ફરીયાદી અને બીજા માણસો અને આરોપી

નં.૨ મજૂરી અર્થે હસનાપુર ખાતે આવેલા હતા તે હકીકત શંકારહીત સાબિત થયેલી છે.

૨. ગુના બનાવવાળી જગ્યાએ મરણજનાર લલીબેન તથા અન્ય મજૂરો તથા આરોપી નં.૨ રાજુભાઈ ચૂલો બનાવીને ત્યાં રહેતા હતા તે વિગત પણ શંકારહીત સાબિત થયેલી છે.

૩. આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ ગરાસીયાનાઓ આ મજુરો જયાં રહેતા હતા તે ખેતરના બોરની ઓરડીમાં ભાગીયા તરીકે રહેતા હતા તે બાબત પણ શંકારહીત સાબિત થયેલી છે.

૪. બનાવ સમયે આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ ગરાસીયાનાઓની અને આરોપી નં.૨ રાજુભાઇ બાબુભાઇ બારીયાનાઓની હાજરી ગુના બનાવવાળી જગ્યાએ હતી તે હકીકત પણ શંકારહીત સાબિત થયેલી છે.

૫. બનાવ સમયે આરોપી નં.૨ રાજુભાઇ બાબુભાઇ બારીયા નાઓએ મુકેશભાઈ પાસે હસનાપુર ખાતે કરેલી મજૂરીના પૈસાની માંગણી કરેલી તે હકીકત પણ પુરાવામાં શંકારહિત સાબિત થયેલી છે.

૬. બનાવ સમયે આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓ તથા આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયાનાઓ ગુના બનાવવાળી જગ્યાએ હાજર હતા, અને તે સમયે આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયાનાઓએ સાહેદ મુકેશભાઈ પાસે મજૂરીના પૈસાની માંગણી કરેલી, અને તે સમયે સાહેદ મુકેશભાઈનાઓએ સવારે મજૂરીના પૈસા આપીશ અત્યારે નથી તે રીતે જણાવેલું તે વિગત પણ પુરાવામાં શંકારહિત સાબિત થયેલી છે.

૭. બનાવ સામે આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓ સાહેદ મુકેશભાઈને ગાળો આપતા હતા અને તે સમયે આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓએ ઉપરાણું લઈ સાહેદ મુકેશભાઈને ગાળો આપેલી અને તે ચાલુ બનાવ દરમ્યાન મરણજનાર લલીબેન આવેલા અને મરણજનાર લલીબેને પૈસા કાલે સવારે મળી જશે તે રીતે જણાવેલું, ત્યારે આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓ વધારે ઉશ્કેરાઈ ગયેલા

અને આરોપી નં.૧ કમલેશભાઈ ગરાસીયાનાઓએ આરોપી નં.૨ રાજુભાઈ બારીયાનાઓનુ ઉપરાણું લઈને મરણજનાર લલીબેને લાકડાથી મરણ જનાર લલીબેનને માથાના પાછળના ભાગે ઈજા કરી લલીબેનનું મોત નીપજાવેલ છે.

વધુમાં, આરોપી નં.૧ નાઓએ બનાવ સમયે લાકડાથી મરણજનારને માથાના પાછળના ભાગે ખૂબ જ બળપૂર્વક પ્રહાર કરી ઈજા કરી અને તેમ કરવાથી મરણજનારનું મૃત્યુ નીપજશે તેવી સભાન અવસ્થામાં જાણ હોવા છતાં મરણજનારને લાકડાથી માથાના પાછળના ભાગે ફટકો મારી, મોત નીપજાવી ખૂન કરેલ છે અને આરોપી નં.૨ નાઓએ તેમ કરવામાં મદદગારી કરેલી છે તેવી વિગત સાબીત થયેલી છે.

આવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલા પુરાવાના આધારે ફરીયાદપક્ષ દ્ધારા પોતાનો કેસ તહોમતનામાંની વિગતે આરોપીઓ વિરૂધ્ધ શંકારહીત સાબિત કરવામાં આવેલો છે. આવા સંજોગોમાં આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ હકલાભાઇ ગરાસીયાનાઓને તેઓની સામેના ઈ.પી.કો. ની ક.૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એક્ટની ક.૧૩૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સજાના પ્રશ્ને સાંભળવા જોઈએ તેવું મારૂ માનવું છે.

વધુમા, આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયાનાઓને તેઓની સામેના ઈ.પી.કો. ની ક.૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની ક.૧૩૫ સાથે વાંચતા ઈ.પી.કો. ની ક.૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સજાના પ્રશ્ને સાંભળવા જોઈએ તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-// હુકમ //-**

આથી ક્રિ.પ્રો.કોડની ક.૨૩૫(૨) મુજબ આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ હકલાભાઇ ગરાસીયાનાઓને તેઓની સામેના ઈ.પી.કો. ની ક.૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એક્ટની ક.૧૩૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સજાના પ્રશ્ને

સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

આથી ક્રિ.પ્રો.કોડની ક.૨૩૫(૨) મુજબ આરોપી નં.૨ રાજુભાઈ બાબુભાઈ બારીયાનાઓને તેઓની સામેના ઈ.પી.કો.ની ક.૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની ક.૧૩૫ સાથે વાંચતા ઈ.પી.કો. ની ક.૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સજાના પ્રશ્ને સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૧ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળઃ મહેસાણા બીજા એડીશ્નલ સેશન્સ જજ,

મહેસાણા.

જીજે૦૦૬૯૧

(૩૪) આ કામે આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓને તકસીરવાન ઠરાવ્યા બાદ સજાના પ્રશ્ને સાંભળવામાં આવેલા છે.

(૩૫) આરોપી નં.૧ તરફે સજાના મુદ્દે એવી રજુઆત કરેલી છે કે, તેઓ યુવાન વયના છે. તેઓનો કોઈ ગુનાહિત ભૂતકાળ નથી તેમજ કુટુંબની જવાબદારી તેઓના શીરે હોય તેઓને ઓછામાં ઓછી સજા કરવા અને ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી છે.

(૩૬) આરોપી નં.૨ નાઓને સજાના પ્રશ્ને સાંભળતા તેઓને પણ તેઓના માતા-પિતા ઉંમર લાયક હોવાની વિગત જણાવી તેઓના શીરે સંપૂર્ણ જવાબદારી હોવાની વિગત રજુ કરેલી છે તેમજ અગાઉ તેઓનો કોઈ ગુનાહિત ભૂતકાળ નથી અને તેઓ યુવાન વયના હોય તેઓને ઓછામાં ઓછી સજા કરવા અને ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી છે.

(૩૭) આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.સરકારી વ.શ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કેસમાં આરોપીઓ સામે તહોમતનામું સાબિત થયેલું છે. જેથી આરોપીઓને ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલા છે તેથી આરોપીઓને સખતમા સખત મહત્તમ સજા અને દંડ કરવા વિનંતી કરેલી છે તેમજ મરણજનારના વારસદારોને વળતર અપાવવા વિનંતી કરેલી છે.

(૩૮) આ કામે આરોપી નં.૧ તથા આરોપી નં.૨ તરફે વિ.વ. શ્રીઓની સજાના પ્રશ્ને લંબાણપુર્વકની મૌખીક રજુઆત ધ્યાને લીધી. તેઓની રજુઆતોનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ આરોપીઓનો

કોઈ ગુનાહિત ભૂતકાળ નથી અને તેઓના શીરે કુટુંબની જવાબદારી છે અને બંનેવ આરોપીઓ યુવાન વયના છે. જેથી તેઓને ઓછામાં ઓછી સજા કરવા અને ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી છે.

(૩૯) આવા સંજોગોમાં આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલુ હતુ અને તે તહોમતનામાની વિગત સાબિત થયેલી છે. જેથી આ કેસમાં મરણજનાર સ્ત્રી છે અને તેઓનું ખૂન કરવામાં આવેલાની બાબત સાબિત થયેલી છે તેની સાથે સાથે આરોપીઓ યુવાન વયના છે અને ઓછી સજા કરવા રજુઆત કરેલી છે. આ સિવાય આ કેસમાં બનાવના સંજોગો જોતા આ એવા પ્રકારનો કેસ નથી કે જેમાં આરોપીઓને ફાંસીની સજા કરવી પડે.

વધુમાં મરણજનારનું અકાળે મૃત્યુ થયેલ છે જેથી તેઓના વારસદારોને હાલાકી પડી રહી છે તે જે યાતનાઓ તેઓએ ભોગવેલ છે તેને ધ્યાને લેતા વિ.સરકારી વકીલશ્રી દ્વારા વળતર અપાવવા માટેની જે દલીલ કરવામાં આવેલી છે તે પણ ગ્રાહ્ય રાખવી જોઈએ અને મરણજનારના વારસદારોને વળતર પણ અપાવવું જોઈએ તેવું મારૂ શુદ્ધબુદ્ધિપૂર્વકનું માનવું છે.

(૪૦) જો આરોપી નં.૧ નાઓને તેઓની સામેના ઇ.પી.કો.ની ક.૩૦૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આજીવન કેદ( જીવનના છેલ્લા શ્વાસ સુધી)ની સખત કેદની સજા અને રૂા.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ દસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ઇ.પી.કો.ની ક.૩૨૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ઇ.પી.કો.ની ક.૫૦૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો

દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ઈ.પી.કો.ની ક.૫૦૬(૨) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૨,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૬(છ) માસની સખત કેદની સજા અને રૂા.૩,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયના હિતમાં ઉચીત હોવાનું જણાય છે.

જો આરોપી નં.૨ ને તેઓની સામેના ઈ.પી.કો.ની ક.૩૦૨ સાથે વાંચતા ક.૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આજીવન કેદ(જીવનના છેલ્લા શ્વાસ સુધી) ની સખત કેદની સજા અને રૂા.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ દસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ઈ.પી.કો.ની ક.૩૨૩ સાથે વાંચતા ક.૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા ઈ.પી.કો.ની ક.૫૦૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા ઈ.પી.કો.ની ક.૫૦૬(૨) સાથે વાંચતા ક.૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૨,૦૦૦/- (અંકે રૂપીયા બે હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા તથા જી.પી. એકટની ક.૧૩૫ સાથે વાંચતા ઈ.પી.કો.ની ક.૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૬(છ) માસની સખત કેદની સજા અને રૂા.૩,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની

સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયના હિતમાં ઉચીત હોવાનું જણાય છે.

વધુમાં, આ કામે મરણજનારના સંતાનો છે જેથી આ બનાવમા તેઓએ પોતાની માતા ગુમાવેલી છે. જેથી આ બાબતને સવિશેષ ધ્યાને લેતાં વિકટીમ કોમ્પેનસેશનની બાબતને ધ્યાને લેતાં અને મરણજનારનુ અચાનક ખુન થતા તેઓના વારસદારોના જીવનમાં જે ચઢાવ ઉતરાવ આવેલા છે તે ધ્યાને લેતાં અને મરણજનારના વારસો પોતે જીવનમાં પુનઃ નિયમિત થાય તે ખુબજ જરૂરી છે. જેથી આરોપીઓને જે દંડ કરવામા આવેલો છે તેમાંથી વળતરની રકમ રૂા.૨,૦૦,૦૦૦/- મરણજનારના વારસોને અપાવવામા આવે તો તે રકમ મળવાથી મરણજનારના વારસો પોતાના જીવનમાં પુનઃનિયમિત થઈ પોતાનું જીવન આગળ નિયમિત રીતે જીવી શકે તેવુ જણાય છે. જેથી તમામ બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**-// આખરી હુકમ//-**

આથી ક્રિ.પ્રો.કોડની ક.૨૩૫(૨) મુજબ આરોપી નં.૧ કમલેશભાઈ કાંતિભાઈ હકલાભાઇ ગરાસીયાનાઓને તેઓની સામેના ઇ.પી.કો.ની ક.૩૦૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આજીવન કેદ (જીવનના છેલ્લા શ્વાસ સુધી)ની સખત કેદની સજા અને રૂા.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ દસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ઇ.પી.કો.ની ક.૩૨૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ઇ.પી.કો.ની ક.૫૦૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ઇ.પી.કો.ની ક.૫૦૬(૨) મુજબના

ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૨,૦૦૦/− (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા જી.પી.એકટની ક.૧૩૫ સાથે વાંચતા ક.૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૬(છ) માસની સખત કેદની સજા અને રૂા.૩,૦૦૦/− (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આથી ક્રિ.પ્રો.કોડની ક.૨૩૫(૨) મુજબ આરોપી નં.૨ રાજુભાઇ બાબુભાઇ બારીયાનાઓને તેઓની સામેના ઇ.પી.કો.ની ક.૩૦૨,૧૧૪મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આજીવન કેદ (જીવનના છેલ્લા શ્વાસ સુધી)ની સખત કેદની સજા અને રૂા.૧,૧૦,૦૦૦/− (અંકે રૂપીયા એક લાખ દસ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ઇ.પી.કો.ની ક.૩૨૩,૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/− (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ઇ.પી.કો.ની ક.૫૦૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/− (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ઇ.પી.કો.ની ક.૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને રૂા.૨,૦૦૦/− (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા તથા જી.પી.એકટની ક.૧૩૫ સાથે વાંચતા ઇ.પી.કો.ની ક.૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૬(છ) માસની સખત કેદની સજા અને રૂા.૩,૦૦૦/− (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ

કરવામાં આવે છે.

વધુમાં, આરોપીઓએ કાચા કામના કેદી તરીકે જેટલા દિવસો ભોગવેલા હોય તે આરોપીને સજામાં મજરે આપવાના રહેશે.

આરોપી નં.૧ પ્રથમથી જ જયુડીશીયલ કસ્ટડીમાં છે તેથી ફરીથી જયુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવતો નથી.

આરોપી નં.૨ ના જામીનખત રદ કરીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં,આરોપીઓએ ભરેલા દંડની રકમમાંથીરૂા.૨,૦૦,૦૦૦ (અંકે રૂપીયા બે લાખ પુરા) વળતર પેટે મરણજનારના વારસોને સરખે હિસ્સે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ તમામ સજા એકી સાથે ભોગવવાની રહેશે.

અપીલ સમય વિત્યે મુદ્દામાલનો નાશ કરવો.

આ હુકમની એક નકલ આરોપીઓને વિના મુલ્યે તાત્કાલિક આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૧ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળઃ મહેસાણા બીજા એડીશ્નલ સેશન્સ જજ,મહેસાણા

જીજે૦૦૬૯૧